**સુવિચાર**
શુભ ભાવનાથી બધાને સાથે રાખીને કાર્ય થાય ત્યારે હૃદયનો રાજીપો સોળે કળાએ ખીલે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૬/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૧૬૭

ફ્રિ નિદાન... ફ્રિ નિદાન... ફ્રિ નિદાન...
પથરી - પ્રોસ્ટેટ - કીડની ની તકલીફ ?
તારીખ : ૨૯/૦૬/૨૦૨૪, શનિવાર,
સમય : સવારે ૧૧:૦૦ થી ૨:૦૦
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
નોંધ : ૧) હોસ્પીટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
૨) જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડૉ. જય માંડડીયા યુરોલોજીસ્ટ
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## શહેરમાંથી પસાર થતી ઠેબી નદીની બંને બાજુની રોનક વધી જશે

# ભૈ વાહ : અમરેલીમાં રીવરફ્રન્ટ માટે રૂપિયા ૨૮ કરોડ મંજૂર

**જેસીંગપરાનાં પુલથી લઈને ઠેબી જળાશય સુધી અંદાજિત દોઢેક કિ.મી.નો રીવરફ્રન્ટ બનશે**

**રીવરફ્રન્ટ બનવાથી નદીમાં ૩૬૫ દિવસ સુધી જળ સંગ્રહ કરવામાં આવશે**

**રીવરફ્રન્ટ ઉપર બાંકડા, ગાર્ડન, લાઈટ સહિતની સુંદર વ્યવસ્થા કરવામાં આવશે**

**નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી શહેરને સુંદર સુવિધા મળતી થશે**




અમરેલી, તા.૨૬
અમરેલીનાધારાસભ્યઅને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાની જનલક્ષી વિકાસની કાર્યરીતિની લોકમુખે ચોમેર પ્રશંસાથઈ રહીછે. ધારાસભ્યનાઅથાક પ્રયત્નોથી જિલ્લાને એક પછી એક વિકાસકામોની ભેટ મળી રહી છે. જેમાં વધુએકભેટનોઉમેરોથયોછે. અમરેલી નગરપાલિકાખાતેઠેબીરિવરફ્રન્ટપાર્ક ડેવલપમેન્ટ (ફેઝ-૧) પ્રોજેકટના કામ માટેના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ રૂપિયા અઠ્ઠાવીસકરોડછલાખએકયાસીહજાર પંચ્યાસીરૂપિયામાટેનાટેન્ડરનીરકમને

અનુસંધાન પાના ૬ ઉપર

## ઓલ ટાઈમ મીઠી નિંદ્રા



અમરેલીમાં એસ.ટી. ડેપો સામે આવેલ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયામાં ૨ શ્વાન કાળઝાળ ગરમી વચ્ચે વાતાનુકુલિન એટીએમમાં ઓલ ટાઈમ મીઠી નિંદ્રા માણતા જોવા મળી રહ્યા છે. બેન્કનાં અધિકારીઓ પણ શ્વાનની મીઠી નિંદ્રામાં કોઈ ભંગ કરવા માંગતા નથી.

## દાતરડું, લોખંડની પાઈપ, લાકડી જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી

# રાજુલાનાં જુની કડીયાળી ગામ જવાનાં માર્ગ ઉપર પાંચ ઈસમોએ એક સંપ કરી એક યુવકની હત્યા કરતાં ચકચાર

**હરસુરભાઈ ધાખડા નાના યુવકનું રાજકોટ ખાતે સારવાર દરમિયાન મોત**

અમરેલી, તા.૨૬
રાજુલાના મફતપરા, નવા રેલ્વે સ્ટેશનની સામે રહેતો અને ત્રણ જિલ્લામાંથીહદપારથયેલએકશખ્સને અગાઉનાઝગડામાંપાંચજેટલાંશખ્સોએ દાતરડુ, લોખંડની પાઈપ, લાકડી જેવા પ્રાણઘાતકહથિયારોવડેજીવલેણહુમલો કરી ગંભીર ઈજા કરતા હદપાર કરેલ શખ્સનું સારવાર દરમિયાન મોત નિપજેલહતું.



આ બનાવમાં રાજુલાના મફતપરા, નવા રેલ્વે સ્ટેશનની સામે રહેતા પ્રસનબેન ભરતભાઈ ભાભલુભાઈધાખડાનામનાંપ૦વર્ષિય મહિલાના દીકરા રણજીતભાઈ સાથે અગાઉ આરોપી જૂબેર તથા સુલેમાને ઝગડોકરેલહોય. તેવાતનુમનદુ:ખરાખી મહિલાના દીકરા હરસુરભાઈ ભરતભાઈ ધાખડા ગત તા. ૨૪/૬ના રાત્રીના આશરે સાડા આઠેક વાગ્યાની આસપાસરાજુલા, જુનાકડીયાળીગામે જવાના રસ્તે પાંચ આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ કરી દાતરડુ, લોખંડની પાઈપ, લાકડી જેવા પ્રાણઘાતક હથિયારો ધારણ કરી હરસુરભાઈને માથાના ભાગે દાતરડુ મારી ગંભીર ઈજા કરી અન્ય આરોપીઓએ લોખંડના પાઈપ વડે, લાકડીવડેબંન્નેપગમાંતેમજબંન્નેહાથમાં અલગઅલગજગ્યાએવારાફરતીમાર મારીબંન્નેહાથતથાપગમાંઅલગઅલગ જગ્યાએફેકચરોકરીતેમજગંભીરઈજા કરીતેમજબંન્નેપગેતેમજબંન્નેહાથેતેમજ વાંસાનાભાગેઈજાકરતાં ગંભીર રીતે

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૬/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
રિસેપ્સનિસ્ટ (લેડીઝ)
કમ્પ્યુટર/૧૨ પાસ
પગાર ધોરણ : રૂા. ૭,૫૦૦/- થી ૮,૫૦૦/-
સ્વીપર (લેડીઝ)
પગાર ધોરણ : રૂા. ૭,૦૦૦/- થી ૮,૦૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
Up to 5% Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચક્કરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

## કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ થકી ડ્રોપ આઉટ દરમાં ઘટાડો થયો : વેકરિયા

# અમરેલી જિલ્લામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો પ્રારંભ

**શેડુભાર ખાતે બાલવાટિકા, ધો. ૧ અને ૯માં પ્રવેશપાત્ર ૮૬ બાળકોનો શાળા પ્રવેશ**

**મોણપુર પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા પ્રવેશપાત્ર ૧૬ ભૂલકાઓને હર્ષભેર આવકાર**

**જનતા વિદ્યાલય ખાતે માધ્યમિક શાળાની ૩૧ વિદ્યાર્થીનીઓને 'નમો લક્ષ્મી' અંતર્ગત લાભનું વિતરણ**

**જિલ્લાભરમાં પ્રવેશપાત્ર ભૂલકાઓને ગણવેશ સહિત શૈક્ષણિક કિટ્‌નું વિતરણ**







અમરેલી, તા. ૨૬

સૌ ભણે, ગણે અને આગળ વધે તથા સૌને શિક્ષણ મેળવવા માટે પ્રોત્સાહન મળે તેવા ઉમદા આશય સાથે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩થી રાજયમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં આજથી ત્રિદિવસીય કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ ૨૧માં તબક્કાનો હર્ષભેર શુભારંભ કરવામાં આવ્યો છે.

ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં અમરેલીની પ્લોટ પ્રાથમિક શાળા, શેડુભાર ગ્રામ શાળા અને જનતા વિદ્યાલયનો સંયુકત કાર્યક્રમ શેડુભાર ગામ ખાતે યોજાયો હતો. બાલવાટિકામાં ૧૨ કુમાર, ૧૧ કન્યા સહિત ૨૩ ભૂલકાંઓને ઉમળકાભેર આવકાર આપવામાં આવ્યો હતો. ધો. ૧માં ૧૧ કુમાર, ૨૩ કન્યા સહિત ૩૪ બાળકોનું નામાંકન દાખલ કરવામાં આવ્યું હતું. ધો. ૯માં કુમાર અને કન્યા સહિત ૨૯ બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, માધ્યમિક શાળાની ૩૧ દીકરીઓને 'નમો લક્ષ્મી' પ્રોત્સાહન યોજના અંતર્ગત લાભનું વિતરણ, પ્રવેશપાત્ર ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાકીય શિક્ષણમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ સાથે શાળામાં રોકડ રકમ દાન કરનાર દાતાઓનું શિલ્ડ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. બાલવાટિકા, ધોરણ ૧, ધોરણ ૯ અને ધોરણ ૧૧માં પણ શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

મોણપુર પ્રાથમિક શાળા ખાતે બાલવાટિકા પ્રવેશપાત્ર કુમાર ૫ અને કન્યા ૧૧ સહિત ૧૬ ભૂલકાંઓને હર્ષભેર આવકાર આપવામાં આવ્યો હતો. બાલવાટિકામાં પા પા પગલી માંડતા ભૂલકાઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મોણપુર પ્રાથમિક શાળા ખાતે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, ગુજરાતમાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ થકી ડ્રોપ આઉટ દરમાં ઘટાડો થયો છે. ગુજરાત સરકારની શૈક્ષણિક યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે.

રાજયમાં નાના બાળકોના બાલવાટિકા શિક્ષણથી માંડીને ઉચ્ચર શિક્ષણ સુધી કોઈ પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે ઉપરાંત છેવાડાના નાગરિકોને, બાળકોને મુખ્ય પ્રવાહમાં લાવવા અને ડ્રોપ આઉટ દરને ઝડપી રીતે ઘટાડવાનો આ કાર્યક્રમનો મુખ્ય હેતુ છે. રાજયના વધુમાં વધુ બાળકો શાળામાં પ્રવેશ મેળવીને શિક્ષણ પ્રાપ્ત કરે તે દિશામાં આ એક સરાહનીય પ્રયાસ છે.

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ જનતા વિદ્યાલય, શેડુભાર અને મોણપુર પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત ઉપપ્રમુખ ધીરૂભાઈ વાળા, તાલુકા પંચાયત કારોબારી સમિતિ ચેરમેન, અમરેલી તાલુકા પંચાયત સભ્યો, સરપંચ, શાળાના આચાર્ય, શિક્ષકો, બાળકો અને ગ્રામજનો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

---

### શાસકોએ શહેરીજનોનાં સ્વખર્ચે લાગેલ બ્લોકને તોડી પાડયા

## લ્યો બોલો : સાવરકુંડલામાં દબાણ હટાવ ઝુંબેશમાં સુકા પાછળ લીલુ પણ બળી ગયુ

**કોંગી નગરસેવકનાં પ્રતિનિધિએ નારાજગી વ્યકત કરી**

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા પાલિકા દ્વારા ડીમોલેશન દરમ્યાન લોકોએ સ્વખર્ચે રોડ સાઈડમાં નાખેલ બ્લોક રોડને તોડી પડતા કોંગ્રેસ આગેવાન લાલઘુમ સાવરકુંડલા શહેરમાં તા. ૨૧/૬/૨૦૨૪ને શુક્રવારના રોજ નગરપાલિકા દ્વારા ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવેલ જેમાં પાલિકા અને આર.એન.બી સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલા સાથે શહેરના મહુવા રોડ, જેસર રોડ, અમરેલી રોડ, નેસડી રોડ અને હાથસની રોડ સહિત વિસ્તારમાં ડીમોલેશનની કામગીરી હાથ



ધરવામાં આવેલ આ કામગીરી દરમ્યાન પાલિકા અને આર એન્ડ બીના માથા ફરેલ અધિકારી દ્વારા લોકોએ પોતાના સ્વ ખર્ચે રોડની સાઈડમાં મંદિરની બાજુમાં બરોબર રોડ લેવલે નાખેલ બ્લોક ને તોડી પડાતા વોર્ડ નંબર પાંચ(૫)ના કોંગ્રેસ નગર સેવકના પ્રતિનિધિ અને શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ જીજ્ઞેશભાઈ ભરાડે નારાજગી વ્યકત કરી હતી અને જણાવેલ કે એક તો પાલિકા વિકાસના કામ કરવામાં નિષ્ફળ નીવડી છે અને લોકો પોતાના સ્વખર્ચે રોડ સાઈડમાં બ્લોક નાખે તો તેને તોડી પાડતા શરમ પણ નથી આવતી અને આ પાલિકા દ્વારા ડીમોલેશન દરમ્યાન નડતર ન હોય તેવા બોર્ડ અને છાપરા તોડી પડાતા લોકોમાં પણ નારાજગી જોવા મળી હતી અને જો પાલિકા દ્વારા તોડી પાડેલ બ્લોકનું ફરી સમાર કામ નહીં કરવામાં આવે તો નાછૂટકે અમોએ ઉપવાસ આંદોલન કરવાની ફરજ પડશે. તેમ અંતમાં શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ જીગ્નેશ ભરાડે જણાવેલ છે.

---

## બગસરા ખાતે શુક્રવારે વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ

બગસરા, તા. ૨૬

જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૨૮/૬/૨૦૨૪ને શુક્રવારનાં રોજ ગૌ.વા. નરભેરામભાઈ રાયઠઠ્ઠા, ગૌ.વા. ગૌરીબેન નરભેરામભાઈ, ગૌ.વા. નરોત્તમભાઈ નરભેરામભાઈ, ગૌ.વા.સ્વ. વસંતરાય નરભેરામભાઈ રાયઠઠ્ઠાના સ્મરણાર્થે હા. દિવ્યેનભાઈ વી. રાયઠઠ્ઠા (પ્રાગટ્ય ગૃપ ઓફ કંપની–અમદાવાદ) પરિવારનાં સૌજન્યથી ૫૯૮મો વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પ રણછોડદાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટનાં સહકારથી રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં મોતિયાનાં ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે આપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવશે.

આપરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાનાં વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈનાં સહયોગથી કરવામાં આવશે.

કેમ્પમાં ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પનાં દિવસે તા. ૨૮/૬/૨૪ને શુક્રવારનાં રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમાં જણાવેલ છે.

---

### જેસીંગપરાનાં ખેડૂતની પરેશાની વધી

## અમરેલીનાં પ્રતાપપરાની સીમમાંથી વાયરની ચોરી

અમરેલી, તા. ૨૬

અમરેલીના જેસીગપરા શેરી નં. ૩માં રહેતા સંજયભાઈ હરીભાઈ સેલડીયા નામનાં ૩૩ વર્ષિય ખેડુતની પ્રતાપપરા ગામની સીમમાં આવેલ વાડી ખેતરમાં ઈલેકટ્રીક મોટર, વાયર તથા અન્ય ખેડૂતની વાડી ખેતરમાં અલગ–અલગ ઈલેકટ્રીક વાયર વાડી ખેતરમાં મુકેલ. જે મોટર તથા ઈલેકટ્રીક વાયરો કોઈ અજાણ્યા ચોર ઈસમો ગત તા. ૩૧/૫/૨૪ ના રોજ ૮ થી તા. ૧૬/૬/૨૪ના ૭:૩૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

---

### એડવોકેટ મેવાડા અને વસાણીની દલીલો સફળ

## બાબરા : મરણ જવાના કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**કોર્ટ દ્વારા આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા**





બાબરા, તા. ૨૬

બાબરા પોલિસ સ્ટેશનના ગુના રજીસ્ટ્રેશન નંબર ૨૦૭૦૬) ૨૨ નાં કામે આઈ.પી.સી. ૩૦૬, ૪૯૮, (એ) ૧૧૪ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવેલા જે કામે આરોપી. શૈલેષ ભાઈ મનસુખભાઈ વાઘેલા, મનસુખભાઈ મોહનભાઈ વાઘેલા, હંસાબેન મનસુખભાઈની અટક કરવામાં આવેલા હતા ત્યાર બાદ કોર્ટમાં ચાર્જશીટ સબમીટ કરવામાં આવ્યુ હતું ત્યાર બાદ કેસના ફરિયાદ, પંચો સાહેદો તથા સરકારી સાહેદો એફ.એસ.એલ. અધિકારી તથા કેસનાં તપાસ કરનાર ને તપાસ નાં કેસ નાં અંતર્ગત દ્વારા આરોપીઓને છોડી મુકવા હુકમ કરેલ અને બચાવ પક્ષના વકીલ એચ. આર. મેવાડા અને એન. પી. વસાણીની દલીલો કોર્ટ ગ્રાહય રાખી હતી.

---

### ફાયર સેફ્ટીનાં અભાવે ફાયર વિભાગે કાર્યવાહી કરી

## અમરેલીના હરિરોડ પર આવેલ અવધ આર્કેડ નામનાં કોમર્શિયલ કોમ્પ્લેક્ષને સીલ કરાયું

**અંદાજીત ૫૦ દુકાનોને તાળા મારી દેવાથી વેપારીઓ પરેશાન**

અમરેલી, તા. ૨૬

રાજકોટ ખાતે એક મહિના પહેલા ગેમઝોનમાં થયેલા અગ્નિકાંડ બાદ સરકા જાગી ગયા બાદ ફાયર સેફટી નહી ધરાવતા કોમ્પ્લેકસ સામે કાયદેસર કાર્યવાહી કરવા સૂચનાઓ આપતા છેલ્લા એક મહિનાથી ગુજરાતભરમાં ફાયર સેફટી નહી ધરાવતા અનેક કોમ્પ્લેકસ સામે કાર્યવાહી હાથ ધરાય છે. ત્યારે અમરેલી શહેરની મધ્યમાં આવેલ હરી રોડ પર આવેલ વધુ એક કોમર્શિયલ કોમ્પ્લેકસને ફાયર વિભાગે સીલ મારી દેતા ફફડાટ ફેલાયો છે.



આ બનાવમાં અમરેલી શહેરની મધ્યમાં આવલ અને સતત ટ્રાફિક ધરાવતા હરિરોડ પર આવેલ અને આશરે પચાસ દુકાન ધરાવતા અવધ ઓર્કેડ નામના કોમર્શિયલ કોમ્પ્લેકસમાં ફાયર સેફટીની સુવિધા ના હોવાના કારણેને અવધ ઓર્કેડ નામનાં કોમર્શિયલ કોમ્પ્લેકસને અગાઉ ફાયર સેફટી ઉભીર કરવા બાબતે ફાયર વિભાગ નોટીસ ફાળ વવામાં આવેલ હતી. જે કોમર્શિયલ કોમ્પ્લેકસ દ્વારા આ નોટીસની અવગણના કરી આજ દિન સુધી ફાયર સેફટીની સુવિધા વસાવેલ ના હોય, તથા ફાયર સેફટી સર્ટીફીકેટ મેળવેલ ના હોય તેથી અમરેલી ફાયર તથા સમગ્ર કમિટી મેમ્બરની ટીમ દ્વારા સંપૂર્ણ આ કોમ્પ્લેકસને સીલીંગ હાથ ધરવામાં આવેલ હતી.

અમરેલી શહેરમાં છેલ્લા એક મહિનાથી ફાયર સેફટી નહી ધરાવતા ૨૨થી વધુ કોમ્પ્લેકસ સામે ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરાય છે.

---

### ભીમ અગિયારશ બાદ જુગાર શરૂ

## રાજુલામાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

**રૂપિયા ૧૧૭૫૦ કબ્જે લેતી પોલીસ**

અમરેલી, તા. ૨૬

રાજુલા ગામે રહેતા શામજીભાઈ ભગવાનભાઈ ગુજરીયા, મુકેશભાઈ રણછોડભાઈ ગોંડલીયા તથા પ્રવિણભાઈ ભાણાભાઈ પરમાર (રહે. વડ), અબ્દુલભાઈ તમાસીભાઈ બુકેરા, ઈમરાનભાઈ કાળુભાઈ સમા, મહમદભાઈ ભીખુભાઈ સુમરા, કરણસિંહ ઘનશ્યામસિંહ ગોહિલ (રહે. રાજુલા) સહિત સાત ઈસમો તા. ૨૫ના રોજ ૬:૩૫ વાગ્યે રાજુલા ગામે પાણીના ટાંકા પાસે આવેલ નાગદાદાના ઓટા પાસે જાહેરમાં તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૧,૭૫૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## આવતીકાલ શુક્રવારે ગામની બજારોમાં સજ્જડ બંધ પાળવામાં આવશે

# લીલીયામોટાનાં વેપારીઓનું ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને બંધનું એલાન

**છેલ્લા એક દાયકા કરતાં પણ વધુ સમયથી સમસ્યા છતાં તેનું કોઈ નિરાકરણ કરવામાં આવતું નથી**

**આધુનિક ટેક્નોલોજીનાં યુગમાં શાસકો ભૂગર્ભ ગટરને લગત સમસ્યા દૂર કરી શકતા નથી**

**અવારનવાર રજૂઆત છતાં પણ ગામ પંચાયતથી લઈને જિલ્લા પંચાયત સુધીનાં શાસકો યોગ્ય કરતા નથી**

**ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરિન રાજપુરાએ શુક્રવારે બંધનું કર્યુ એલાન**



અમરેલી, તા. ૨૬

લીલીયા મોટા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરિન રાજપુરાએ ભૂગર્ભ ગટરનાં પ્રશ્ને શુક્રવારે ગામની બજારો બંધ રાખવાનું એલાન કર્યુ છે.

તેઓએ એક નિવેદનમાં જણાવેલ છે કે, લીલીયા શહેરમાં એક દાયકા ઉપરાંતનાં સમયથી કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલી ભૂગર્ભ ગટર યોજના સમગ્ર ગ્રામજનો માટે માથાના દુઃખાવા સમાન સાબિત થઈ છે. પાછલા કેટલાક સમયથી શહેરની મેઈન બજાર સહિત અનેક વિસ્તારમાં ભૂગર્ભ ગટરની કૂંડીઓમાંથી ગંદા પાણી માર્ગો પર વહી રહ્યાં છે. તેને લઈ ચેમ્બર ઓફ કોમર્સનાં હોદેદારોએ મામલતદારને આવેદનપત્ર આપી આગામી તા. ૨૮/૬/૨૦૨૪ શુક્રવારનાં રોજ શહેરનાં તમામ વેપાર ધંધા સવારથી સજજડ બંધ રહેશેનું એલાન આપ્યું છે.

પત્રમાં જણાવ્યું છે કે, અગાઉ શહેરની વિવિધ સંસ્થાઓએ અનેકવાર રજૂઆતો અને આંદોલનો કર્યા હોવા છતાં આજ દિન સુધી કોઈ પરિણામ મળ્યું નથી. સમગ્ર શહેરની ભૂગર્ભ ગટર જામ હોય તેને કાર્યરત કરવા સ્થાનિક ગ્રામ પંચાયત પાસે મેન્ટનન્સમાં કોઈ સાધનો નથી તમામ પપ્પીંગ સ્ટેશન બંધ છે. આ પ્રશ્ને કોઈ ઉકેલ નહી આવે તો આવનારા દિવસોમાં ઉપવાસ આંદોલન તથા અચોકકસ મુદત સુધી વેપારીઓ પોતાના ધંધા-રોજગાર સજજડ બંધ રાખી આંદોલન કરશે તેમ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ પરિનભાઈ સોનીએ જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાછલા એક દાયકા ઉપરાંતનાં સમયથી શહેરમાં કરોડો રૂપિયાનાં ખર્ચે નબળી થયેલ કામગીરીનાં કારણે ભૂગર્ભ ગટર અમલમાં આવી ત્યારથી શહેરીજનો માટે માથાના દુઃખાવા સમાન સાબિત થઈ રહી છે. આ પ્રશ્ને અનેકવાર શહેર બંધ પાળી ઉગ્ર આંદોલનો કરવામાં આવ્યા, હાઈકોર્ટમાં પીએલઆઈ સ્થાનિક વેપારી રસિકભાઈ વંડ્રાએ કરેલ હાઈકોર્ટનાં હુકમો પણ જવાબદાર તંત્ર ઘોળીને પી ગયું. ત્રણ-ત્રણ ધારાસભ્યો, સરપંચો અને બે સાંસદો બદલાયા તેમ છતાં ભૂગર્ભ ગટરનો પ્રશ્ન ઉકેલાયો નથી.

શહેરની મેઈન બજાર સહિત અનેક વિસ્તારોમાં પાછલા કેટલાક સમયથી ભૂગર્ભ ગટરનાં ગંદા દુર્ગંધ મારતા પાણી માર્ગો પર વહી રહ્યા છે જેથી શહેરમાં મચ્છર, માખીનો ઉપદ્રવ વધવાનાં કારણે રોગચાળો ફાટી નિકળવાની દહેશત છે. આરોગ્ય વિભાગ ધ્વારા મેઈન બજાર સહિત સમગ્ર શહેરમાં યોગીંગ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.


સંકુલ સ્કૂલ કોલેજ હોસ્ટેલ - બન્ને મિડીયમ પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ - Since 1997
★ બહુજ વ્યાજબી ફીજ માં - વર્ષો થી સુવ્યવસ્થીત શિક્ષણ આપતી સંસ્થા
★ બોર્ડ માં A1 - A2 ગ્રેડમાં અગ્રેસર - યુનિવર્સિટી માં ટોપટેન માં અગ્રેસર
★ ડેઈલી ટેસ્ટ-કોર્સ પૂર્ણ થયે રીપીટેડલી-ત્રિમાસિક-છમાસિક- નવ માસિક પરિક્ષા
★ ખેલકુદ - સાહિત્ય કલા - ગીત સંગીત - સાંસ્કૃતિક & 31થી વધુ સ્પર્ધાઓ
★ NCC-NSS-સ્પોર્ટસ-ઈ લર્નિંગ-કેમ્પ-સેમીનાર-DG-RG-IG એક્ટીવીટી
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)





## સ્વચ્છતા અભિયાનનાં માહોલમાં કડવી વાસ્તવિકતા

# જાફરાબાદનાં પોલીસ સ્ટેશન સામે ગંદકીનાં ગંજ ખડકાયા : રખડૂ શ્વાન અને ભૂંડનાં ટોળા વળ્યા

**પાલિકાનાં શાસકોએ શહેરને સુંદરાબાદ બનાવવું જરૂરી**



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદનાં પોલીસ સ્ટેશનની સામે પાલિકાનાં શાસકોની અણઆવડત અને બેદરકારીનાં કારણે ગંદકીનાં ગંજ ખડકાતા રખડુ શ્વાન અને ભૂંડનાં ટોળા એકત્ર થતાં હોય શહેરીજનોમાં નારાજગીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સમગ્ર દેશશમાં સરકાર ધ્વારા સ્વચ્છા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને તે માટે તમામ પાલિકાઓને સ્વચ્છતા માટે સાધનોની ફાળવણી પણ કરવામાં આવી રહી છે. છતાં પણ જાફરાબાદમાં ઠેર-ઠેર ગંદકીનો માહોલ જોવા મળી રહ્યો હોય પાલિકાનાં શાસકોએ જાફરાબાદને સુંદરાબાદ બનાવવું જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.








ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડ્યા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડ્યા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



માત્ર ૨૦ જ મીનીટમાં...
ફક્ત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેક્ટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪



જોઈએ છે:::
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪










### કોંગ્રેસના કોડીકુન્નીલ સુરેશને આપી માત

# ઓમ બિરલા સતત બીજી વાર બન્યા લોકસભા સ્પીકર

## બીજી વખત લોકસભા સ્પીકર પદ પર ભાર મૂકવો એ પોતાનામાં એક રેકોર્ડ, વડાપ્રધાને ઓમ બિરલાને લોકસભા સ્પીકર તરીકે ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી, તા.૨૬

ઓમ બિરલા વોઈસ વોટ દ્વારા લોકસભા સ્પીકર પદ માટે ચૂંટાયા છે. ભાજપના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના ઉમેદવાર ઓમ બિરલાએ ૨૬ જૂન, ૨૦૨૪ના રોજ ચૂંટણીમાં કોંગ્રેસના કોડીકુનીલ સુરેશને હરાવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમ બિરલાને લોકસભા સ્પીકર તરીકે ચૂંટવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું, ‘‘હું સમગ્ર ગૃહને અભિનંદન આપું છું. અમને બધાને વિશ્વાસ છે કે આવનારા પાંચ વર્ષમાં તમે અમને માર્ગદર્શન આપશો. પીએમ મોદીએ કહ્યું કે, બીજી વખત લોકસભા સ્પીકર પદ પર ભાર મૂકવો એ પોતાનામાં એક રેકોર્ડ છે. બલરામ જાખડ આ પહેલા માત્ર બે વખત જ લોકસભાના સ્પીકર રહી ચૂક્યા છે. મોટાભાગના સ્પીકર કાં તો ચૂંટણી લડ્યા નથી અથવા જીત્યા નથી, પરંતુ તમે (ઓમ બિરલા) ચૂંટણી જીતી ગયા છો. સપા પ્રમુખ અખિલેશ યાદવે પણ ઓમ બિરલાને સ્પીકર બનવા પર અભિનંદન પાઠવ્યા હતા. તમારી પાસે ૫ વર્ષનો અનુભવ છે. અમારા તમામ સાંસદો વતી હું તમને અભિનંદન આપું છું. લોકસભાના અધ્યક્ષ તરીકે તમે દરેક સભ્યને સમાન તક અને સન્માન આપશો.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઓમ બિરલાને લોકસભા સ્પીકર બનવા પર અભિનંદન પાઠવ્યા હતા. આ દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું કે, સરકાર પાસે સંખ્યા છે. પરંતુ વિપક્ષ પણ ભારતની જનતાનો અવાજ છે. રાહુલે કહ્યું, તે ખૂબ જ જરૂરી છે કે વિપક્ષનો અવાજ પણ ગૃહમાં ઉઠાવવા દેવો જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે જે કામ આઝાદીના ૭૦ વર્ષમાં નથી થયું તે તમારી અધ્યક્ષતામાં આ ગૃહ દ્વારા શક્ય બન્યું છે. લોકશાહીની લાંબી યાત્રામાં અનેક સીમાચિહ્નો છે. અમુક પ્રસંગો એવા હોય છે જ્યારે આપણને માઈલસ્ટોન સેટ કરવાની તક મળે છે. તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ ગૃહનું સૌભાગ્ય છે કે તમે બીજી વખત આ બેઠક પર કબજો કરી રહ્યાં છો. હું તમને અને સમગ્ર ગૃહને અભિનંદન આપું છું. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, "અમને બધાને વિશ્વાસ છે કે આવનારા ૫ વર્ષમાં તમે અમને બધાને માર્ગદર્શન આપશો. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે નમ્ર અને સારી રીતભાત ધરાવનાર વ્યક્તિને સફળ માનવામાં આવે છે.

બીજી વખત સ્પીકરનો કાર્યભાર મેળવતા, નવા રેકોર્ડ બનાવશે તમે જ છો જેમણે પોતાનો પાંચ વર્ષનો કાર્યકાળ પૂરો કરીને સ્પીકરની જવાબદારી મેળવી છે.

### બુધવારે તમામ નવા ચૂંટાયેલા સાંસદો પહોંચ્યા

# સાંસદો લોકસભાના અધ્યક્ષની ચૂંટણી માટે સંસદ પહોંચ્યા

## ચિરાગ પાસવાન અને કંગનાની મુલાકાતનો વીડિયો વાયરલ

નવી દિલ્હી, તા.૨૬

ફિલ્મી દુનિયામાં પોતાની અભિનયની કૌશલ્ય સાબિત કરનાર કંગનાએ રાજકારણના ક્ષેત્રમાં પણ પ્રવેશ કર્યો છે. દેશની ૧૮મી લોકસભા ચૂંટણીમાં કંગના રનૌત હિમાચલની મંડી લોકસભા સીટ પરથી ચૂંટણી લડી હતી અને જીતી મેળવી છે. બીજી તરફ, લાંબા સમયથી અભિનેતામાંથી રાજકારણી બનેલા ચિરાગ પાસવાન પણ હાજીપુર બેઠક પરથી ચૂંટણી લડીને જીત્યા છે. હવે આજે તમામ નવા ચૂંટાયેલા સાંસદો લોકસભાના અધ્યક્ષની ચૂંટણી માટે સંસદ પહોંચ્યા હતા, આ દરમિયાન ચિરાગ પાસવાન અને કંગના રનૌત પણ ત્યાં પહોંચ્યા હતા અને બંનેની અહીં મુલાકાત થઈ હતી, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

સંસદમાં લોકસભાના અધ્યક્ષની ચૂંટણીમાં નવા ચૂંટાયેલા સાંસદો સંસદમાં પહોંચ્યા હતા. આ દરમિયાન ચિરાગ પાસવાન અને કંગના રનૌતની મુલાકાત થઈ હતી. પહેલા બંનેએ હાથ મિલાવ્યા. આ પછી બંને ગળે લગાડી વાતો કરતા આગળ વધ્યા. થોડુંક આગળ ગયા અને રોકાઈને પાછળ પણ જોયું. આ પછી બંનેએ કંઈક વાત કરી અને એકબીજાને તાળીઓ પાડીને સંસદની અંદર ગયા. આ ક્ષણ કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વર્ષ ૨૦૧૧માં એક ફિલ્મ રિલીઝ થઈ હતી જેનું નામ હતું ‘મિલે ના મિલે હમ’. આ ફિલ્મમાં ચિરાગ પાસવાન લીડ રોલમાં હતો, જે તેની એકમાત્ર ફિલ્મ છે. આ ફિલ્મમાં કંગના રનૌતે અભિનેત્રી તરીકે કામ કર્યું હતું. ત્યાંથી આ બંને વચ્ચે મિત્રતા છે અને હવે સાંસદ બન્યા બાદ બંનેની સોશિયલ મીડિયા પર ખૂબ ચર્ચા થઈ રહી છે.

### લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ઠરાવ પસાર કર્યો

# ઈમરજન્સીના ૫૦ વર્ષ પૂરા થવા પર ગૃહમાં નિંદા કરતો ઠરાવ પસાર

## કોંગ્રેસના સાંસદો અને કેટલાક અન્ય વિપક્ષી સભ્યોના વિરોધ વચ્ચે સાંસદોએ મૌન પાળ્યું હતું

નવી દિલ્હી, તા.૨૬

લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા પછી તરત જ, બિરલાએ લોકસભામાં ઈમરજન્સીની નિંદા કરતો એક ઠરાવ પસાર કર્યો અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીની આગેવાની હેઠળની તત્કાલીન સરકારની ટીકા કરી. કોંગ્રેસના સાંસદો અને કેટલાક અન્ય વિપક્ષી સભ્યોના વિરોધ વચ્ચે સાંસદોએ મૌન પાળ્યું હતું.

આ સાથે ઓમ બિરલાને સતત બીજી વખત લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાવા બદલ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અભિનંદન પાઠવ્યા છે. બુધવારે, તેણે સોશિયલ મીડિયા ઠ પર લખ્યું કે હું તમને તમારા સુવર્ણ કાર્યકાળ માટે હૃદયથી અભિનંદન આપું છું. મને પૂરો વિશ્વાસ છે કે તમારા પ્રસિદ્ધ નેતૃત્વ હેઠળ ભારતીય લોકશાહીનું મંદિર સંસદની ગરિમા નવી ઊંચાઈઓ પર પહોંચશે.

તમને જણાવી દઈએ કે ઓમ બિરલા રાજસ્થાનની કોટા લોકસભા સીટથી સાંસદ તરીકે ચૂંટાયા છે. મંગળવારે તેમને એનડીએ દ્વારા લોકસભા સ્પીકર પદના ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા, પરંતુ બુધવારે તેઓ વોઈસ વોટથી સ્પીકર તરીકે ચૂંટાયા હતા. લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા બાદ ઓમ બિરલાએ વડાપ્રધાન મોદી અને ગૃહના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, ‘‘મારા પર વિશ્વાસ દર્શાવવા માટે હું દરેકનો આભારી છું.’’ ઓમ બિરલાએ વધુમાં કહ્યું, ‘‘આ ૧૮મી લોકસભા લોકશાહીની દુનિયાની સૌથી મોટી ઉજવણી છે. અન્ય પડકારો છતાં ૬૪ કરોડથી વધુ મતદારોએ પૂરા ઉત્સાહ સાથે ચૂંટણીમાં ભાગ લીધો હતો. ગૃહ વતી હું તેમનો અને દેશના લોકોનો આભાર વ્યક્ત કરું છું.

### ૮૦ હજાર ડોલરના વળતરની માંગ કરી

# પરિવારે નાસા સામે કેસ દાખલ કર્યો, વળતરની માંગ

## ફ્લોરિડામાં ઘર પર અવકાશમાંથી લગભગ ૭૦૦ ગ્રામ વજનનો કાટમાળ પડ્યો : નાસાની મુશ્કેલીઓ વધી ગઈ

ફ્લોરિડા, તા.૨૬

અમેરિકન સ્પેસ એજન્સી નાસાના નામે ઘણા રેકોર્ડ નોંધાયા છે. અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રમાં લોકો આ એજન્સીનું નામ ખૂબ જ આદર- સમ્માનથી લે છે. જો કે, હાલમાં નાસાએ એક વ્યક્તિને મોટો ઝટકો આપ્યો છે. ફ્લોરિડામાં એક પરિવારના ઘર પર અવકાશમાંથી લગભગ ૭૦૦ ગ્રામ વજનનો કાટમાળ પડ્યો, જેના કારણે હવે નાસાની મુશ્કેલીઓ વધી ગઈ છે. વાસ્તવમાં પરિવારે નાસા પાસેથી ૮૦ હજાર ડૉલરના વળતરની માંગ કરી છે.અમેરિકાના ફ્લોરિડામાં એક પરિવારે સ્પેસ એજન્સી નાસા સામે કેસ દાખલ કર્યો છે. પરિવારે નાસા પાસેથી લગભગ ૮૦ હજાર ડૉલરના વળતરની માંગ કરી છે. હકીકતમાં, ૮ માર્ચ, ૨૦૨૧ ના રોજ, ફ્લોરિડાના એક પરિવારના ઘર પર અવકાશમાંથી કાટમાળનો મોટો ટુકડો પડ્યો હતો. આ કાટમાળ ઘર પર પડવાથી તેના ઘરની છતથી ફ્લોરમાં મોટું કાણું પડી ગયું હતું. ફ્લોરિડાના નેપલ્સમાં એલેન્ડ્રો ઓટેરોના ઘરે આ અકસ્માત થયો હતો. આ ઘટના દરમિયાન એલેન્ડ્રો તેના પરિવાર સાથે રજાઓ મનાવવા ગયો હતો. ત્યારે ઘરમાં માત્ર તેનો પુત્ર ડેનિયલ હાજર હતો, તેણે ફોન કરીને આ અંગે માહિતી આપી હતી. ઓટેરાએ જણાવ્યું કે ‘હું આ સાંભળીને ચોંકી ગયો. હું એકદમ આશ્ચર્યચકિત થઈ ગયો હતો અને વિચારતો હતો કે અમારા ઘર પર કઈ વસ્તુ પડી છે. જેના કારણે છતમાં જ કાણું પડી ગયું છે. ‘‘હું ધડાકો સાંભળીને ધ્રૂજી ગયો હતો અને અર્ધબેમાન જેવો થઈ ગયો હતો, શું કરવું તેના પર વિચારી પણ શકતો નહોતો.નાસા દ્વારા બાદમાં પુષ્ટિ કરી હતી કે, આ સિલિન્ડર તેના સ્પેસ સ્ટેશનથી આવ્યો હતો. તેનો ઉપયોગ કાર્ગો પેલેટ પર જૂની બેટરી લગાવવા માટે થતો હતો. ૨૦૨૧ સ્પેસ સ્ટેશનથી લોન્ચ કરવામાં આવ્યું હતું. આવી વસ્તુ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશતાની સાથે જ સંપૂર્ણપણે બળી જાય છે, જો કે લગભગ ૩ વર્ષ સુધી અવકાશમાં ફર્યા પછી તેનો એક ટુકડો બચી ગયો અને ઓટેરો પરિવારની જમીન પર પડ્યો. એલેન્ડ્રો જ્યારે ઘરે પહોંચ્યો, ત્યારે તેણે ૪ ટ ૧.૬ ઈંચનું સિલિન્ડર જોયું, જેનું વજન લગભગ ૧.૬ પાઉન્ડ એટલે કે લગભગ ૭૦૦ ગ્રામ હતું. તે વિચારી રહ્યો હતો કે, આ વસ્તુ ક્યાંથી આવી જેણે તેનું ઘર બરબાદ કર્યું.બીજી તરફ આ મામલે ઓટેરા પરિવારના વકીલ મીકા ગુયેન વર્થીએ જણાવ્યું હતું કે, ‘મારા ક્લાયન્ટ્સને આ ઘટનાથી તેમના જીવન પર તણાવ અને અસર માટે પૂરતા વળતરની માંગ કરી રહ્યા છે. તે આભારી છે કે આ ઘટનામાં કોઈને શારીરિક ઈજા થઈ નથી, પરંતુ આવી સ્થિતિ આપત્તિજનક બની શકે છે. જો કાટમાળ બીજી દિશામાં થોડા ફૂટ પડ્યો હોત તો ગંભીર ઈજા કે મૃત્યુ થઈ શક્યું હોત.’

### શુગર લેવલ ડાઉન થવાના કારણે લથડી તબિયત

# અરવિંદ કેજરીવાલની કોર્ટ રૂમમાં સુનાવણી દરમિયાન તબિયત બગડી

## હવે કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાં નવી અરજી કરશે દાખલ

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની તબિયત લથડી છે. કોર્ટમાં સુનાવણી દરમિયાન તેમની તબિયત લથડી હતી. બુધવારે કોર્ટમાં સુનાવણી ચાલી રહી હતી ત્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની તબિયત બગડી હતી.

સીએમ કેજરીવાલનું શુગર લેવલ નીચે ગયું છે. આ પછી તેને બીજા રૂમમાં બેસાડવામાં આવ્યો. તેને ચા અને બિસ્કિટ આપવામાં આવ્યા હતા. સીએમ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલ પણ કોર્ટ રૂમમાં હાજર હતા. સીબીઆઈ દ્વારા દિલ્હી એક્સાઈઝ પોલિસી કેસમાં સીએમ કેજરીવાલની આજે ધરપકડ કરવામાં આવી છે. આ પછી તેને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો.

આ પહેલા EDએ ૨૧ માર્ચે તેની ધરપકડ કરી હતી. ED દ્વારા તેમની ધરપકડના મામલામાં જામીન અંગેની સુનાવણી આજે જ સુપ્રીમ કોર્ટમાં થવાની હતી. આવી સ્થિતિમાં સીબીઆઈએ તેમની ધરપકડ કરી હતી. હવે સીએમ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાં નવી અરજી દાખલ કરશે.

સીએમ કેજરીવાલ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અભિષેક સિંઘવીએ બેન્ચને જણાવ્યું હતું કે હાઈકોર્ટે ૨૫ જૂને વિગતવાર આદેશ આપ્યો હોવાથી તેઓ અપીલ દાખલ કરવા માંગે છે

### રાહુલ-અખિલેશે અધ્યક્ષ ઓમ બિરલાને કહ્યું

# વિપક્ષનો અવાજ ના દબાવતા, સત્તાધારીને કાબૂમાં રાખજો

## રાહુલ ગાંધીએ વિપક્ષના નેતા તરીકે વાત કરી : તેમણે ઓમ બિરલાને સ્પીકર બનવા પર અભિનંદન પાઠવ્યા

નવી દિલ્હી, તા.૨૬

૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર હાલમાં ચાલી રહ્યું છે. લોકસભાના વર્તમાન અને પ્રથમ સત્રના ત્રીજા દિવસે બુધવારે ઓમ બિરલાને ગૃહના સ્પીકર તરીકે ચૂંટવામાં આવ્યા હતા. આ પછી લોકસભાના સભ્યોએ, ઓમ બિરલાને શુભકામનાઓ આપી હતી. પીએમ મોદી બાદ કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે લોકસભા અધ્યક્ષને અભિનંદન પાઠવ્યા હતા. વિપક્ષના નેતા તરીકે રાહુલ ગાંધીનું ગૃહમાં આજે પ્રથમ સંબોધન હતું. રાહુલ ગાંધીએ કહ્યું, અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવવા બદલ ઓમ બિરલાને અભિનંદન આપતા કહ્યું કે, તમે બીજી વખત સ્પીકર તરીકે ચૂંટાયા છો, હું તમને અભિનંદન આપવા માંગુ છું. હું તમને સમગ્ર વિપક્ષ અને ઈન્ડિ એલાયન્સ તરફથી અભિનંદન આપવા માંગુ છું. આ ગૃહ અવાજનું પ્રતિનિધિત્વ કરે છે. તમે ભારતના લોકોના અવાજના અંતિમ મધ્યસ્થી છો.

રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું કે, સરકાર પાસે રાજકીય શક્તિ છે પરંતુ વિપક્ષ પણ ભારતની જનતાના અવાજનું પ્રતિનિધિત્વ કરે છે અને આ વખતે વિપક્ષ ગત વખત કરતા વધુ લોકોના અવાજનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે. અમે તમને સહકાર આપીશું. અમે ઈચ્છીએ છીએ કે ગૃહ સરળતાથી ચાલે. વિપક્ષનો અવાજ ગૃહમાં ઉઠાવવા દેવામાં આવે તે ખૂબ જ જરૂરી છે.

આ સાથે જ અખિલેશ યાદવ લોકસભા અધ્યક્ષને સલાહ આપતા જોવા મળ્યા હતા. તેમણે કહ્યું કે આ પદ સાથે ઘણી ભવ્ય પરંપરાઓ જોડાયેલી છે અને અમે માનીએ છીએ કે ગૃહ ભેદભાવ વિના આગળ વધશે. સ્પીકર તરીકે તમે દરેક સાંસદ અને પાર્ટીને સમાન તક આપશો. અમારી અપેક્ષા એ છે કે કોઈપણ જનપ્રતિનિધિનો અવાજ દબાવવામાં ન આવે.અખિલેશ યાદવે કહ્યું કે સભ્યોની હકાલપટ્ટીથી ગૃહની ગરિમાને ઠેસ ન પહોંચવી જોઈએ. અખિલેશે કહ્યું કે અમે બધા તમારી પાસેથી અપેક્ષા રાખીએ છીએ કે ફરીથી હકાલપટ્ટી જેવી કાર્યવાહીથી ગૃહની ગરિમાને ઠેસ ન પહોંચે. તમારો અંકુશ માત્ર વિપક્ષ પર જ નહીં પરંતુ સત્તાધારી પક્ષ પર પણ રહે. ગૃહ તમારી સૂચનાઓ પર ચાલવું જોઈએ, તેનાથી વિરુદ્ધ ન થવું જોઈએ. દરેક ન્યાયી નિર્ણયમાં અમે તમારી સાથે છીએ. જ્યારે હું પહેલીવાર નવા ગૃહમાં આવ્યો છું, ત્યારે મને લાગ્યું કે અમારા સ્પીકરની ખુરશી ઘણી ઊંચી છે.

ભાજપના સાંસદ ઓમ બિરલા ધ્વનિ મત દ્વારા લોકસભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેઓ બીજી વખત લોકસભાના અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે. વડા પ્રધાન મોદીએ અધ્યક્ષ પદ માટે ઓમ બિરલાના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ટેકો આપ્યો હતો. પીએમ મોદી દ્વારા રજૂ કરાયેલા નવા અધ્યક્ષના પ્રસ્તાવને પ્રોટેમ સ્પીકર ભર્તૃહરિ મહતાબ દ્વારા ગૃહમાં મતદાન માટે મૂકવામાં આવ્યો હતો અને તેને ગૃહ દ્વારા ધ્વનિ મત દ્વારા મંજૂર કરવામાં આવ્યો હતો.

### સરહદી જિલ્લા ગુરદાસપુર-પઠાણકોટમાં હાઈ એલર્ટ

# પંજાબમાં આતંકવાદી ઘૂસ્યા હોવાની માહિતી મળતા હાઈ એલર્ટ જારી

ચંદીગઢ, તા.૨૬

પંજાબના સરહદી જિલ્લા ગુરદાસપુર અને પઠાણકોટમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા દાવોકરવામાં આવી રહ્યો છે કે, તેમને બે શંકાસ્પદ આતંકવાદીઓ ઘૂસી આવ્યા હોવાની માહિતી મળી છે. આ લોકો પઠાણકોટમાં ઘૂસ્યા છે. આ રિપોર્ટ બાદથી જ હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યુ છે.

આંતરરાષ્ટ્રીય સરહદ પાસે સ્થિત ગામ કોટ બાઠિયાંના એક ગ્રામીણે કંટ્રોલ રૂમને જાણ કરી હતી કે મેં મારા ફાર્મ હાઉસ પાસેથી ચહેરા ઢાંકેલા બે લોકોને પસાર થતા જોયા છે. બંને ભારે હથિયારોથી સજ્જ હતા. ગ્રામીણે પોલીસને કહ્યું કે, તેઓએ મને બંદૂક બતાવીને ડિનર તૈયાર કરવામાં માટે કહ્યું. રાત્રિભોજન કર્યા બાદ તેઓ ઘરની બહાર નીકળી ગયા અને પઠાણકોટ તરફ આગળ વધ્યા હતા. પોલાસે આ ગ્રામીણની માહિતી શેર નથી કરી. આ મામલે માહિતી મળ્યા બાદ પઠાણકોટના એસએસપી સુહૈલ કાસિમ મીરે તાત્કાલિક વરિષ્ઠ અધિકારીઓની બેઠક બોલાવી. આ ઉપરાંત ગુરદાસપુરમાં પણ વહીવટી તંત્રએ બેઠક કરીને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. જિલ્લા એસપી હરીશ દાયમાએ પોલીસ લાઈન્સમાં તમામ પોલીસ સ્ટેશનના પ્રમુખોની બેઠક બોલાવી હતી. એક અહેવાલ પ્રમાણે ગુરદાસપુરના તમામ રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેન્ડ પર ટેસ્ટિંગ સઘન તપાસ હાથ ધરાઈ છે. આ ઉપરાંત ગુરદાસપુર, ધારીવાલ, દીનાનગરમાં પણ કડકાઈ દાખવવામાં આવી રહી છે.

ગુરદાસપુર-પઠાણકોટ-જમ્મુ નેશનલ હાઈવે પર પણ પોલીસનો ચૂસ્ત બંદોબસ્ત છે. વાહનો પર નજર રાખવામાં આવી રહી છે. બટાલા પોલીસને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. આ મામલાની માહિતી સેના અને બીએસએફ સાથે પણ શેર કરવામાં આવી છે. પઠાણકોટના એરફોર્સ સ્ટેશનને પણ એલર્ટ કરી દેવામાં આવ્યું છે અને સુરક્ષા વધારી દેવામાં આવી છે.

તમને જણાવી દઈએ કે, ૨૦૧૫માં પઠાણકોટમાં ત્રણ આતંકવાદી ઘૂસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો. ત્યારે પણ IBએ જાણકારી આપી હતી કે આ લોકો પઠાણકોટ જિલ્લાના બમિયાલ ગામમાંથી ઘૂસી આવ્યા હતા. આ આતંકી હુમલામાં એસપી રેંકના અધિકારી સહિત ૭ લોકો માર્યા ગયા હતા. તેના ૬ મહિના બાદ જ પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓએ એરબેઝ પર હુમલો કર્યો હતો.

### આગામી મહિને થનાર પેરિસ ઓલિમ્પિક માટે જાહેરાત

# હોકી ઈન્ડિયાએ ૧૬ સભ્યની ટીમની આખરે જાહેરાત કરી

## પેરિસ ઓલિમ્પિક માટે ભારત સુસજ્જ : હોકી ટીમની જાહેરાત, હરમનપ્રીત સિંહને સોંપાયું સુકાની પદ

નવી દિલ્હી, તા.૨૬

હોકી ઈન્ડિયાએ આગામી મહિને થનાર પેરિસ ઓલિમ્પિક માટે બુધવારે ૧૬ સભ્યની ટીમની જાહેરાત કરી દીધી છે. હરમનપ્રીત સિંહને કેપ્ટન અને હાર્દિક સિંહને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યા છે. ભારતીય ટીમમાં ૫ ખેલાડી ઓલિમ્પિકમાં પદાર્પણ કરશે, આ સિવાય ટીમમાં છેલ્લા તબક્કામાં ભાગ લઈ ચૂકેલા અમુક સીનિયર ખેલાડી પણ સામેલ છે. ટોક્યો ઓલિમ્પિક ૨૦૨૦માં બ્રોન્ઝ મેડલ જીતનારી ભારતીય ટીમને ગત ચેમ્પિયન બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયા, આર્જેટીના, ન્યુઝીલેન્ડ અને આયર્લેન્ડની સાથે પૂલ બી માં રાખવામાં આવ્યાં છે. પૂલ પોઈન્ટ ટેબલમાં હાઈ ચારમાં રહેનારી ટીમો ક્વાર્ટર ફાઈનલમાં પહોંચશે.

ભારતીય ખેલાડી અત્યારે બેંગ્લુરુના સાઈ (SAI) કેન્દ્રમાં રાષ્ટ્રીય શિબિરમાં ઓલિમ્પિકની તૈયારીમાં વ્યસ્ત છે. અનુભવી ગોલકીપર પીઆર શ્રીજેશ અને મિડફીલ્ડર મનપ્રીત સિંહ ચોથી વખત ઓલિમ્પિકમાં ભાગ લેશે, જ્યારે કેપ્ટન હરમનપ્રીતની આ ત્રીજી ઓલિમ્પિક હશે. ૫ ખેલાડી ભારત માટે ઓલિમ્પિકમાં પદાર્પણ કરશે જેમાં જરમનપ્રીત સિંહ, સંજય, રાજ કુમાર પાલ, અભિષેક અને સુખજીત સિંહ સામેલ છે.

ટોક્યોમાં ૪૧ વર્ષ બાદ મેડલ જીતવાના ઐતિહાસિક પ્રદર્શન બાદ ભારતીય ડિફેન્ડર રુપિંદરપાલ સિંહ અને બીરેન્દ્ર લાકડા સંન્યાસ લઈ ચૂક્યા છે. જ્યારે સુરેંદર કુમાર ટીમથી બહાર છે. ટોક્યોમાં મુખ્ય ટીમનો ભાગ રહેલા નીલકાંત શર્માને વૈકલ્પિક ખેલાડીઓમાં રાખવામાં આવ્યા છે અને દિલપ્રીત સિંહને તક મળી નથી.

ગોલકીપર કૃષ્ણ પાઠક સતત બીજા ઓલિમ્પિકમાં વૈકલ્પિક ખેલાડી હશે. ડિફેન્સમાં હરમનપ્રીત સિંહ, જરમનપ્રીત, અમિત રોહિદાસ, સુમિત અને સંજય, જ્યારે મિડફીલ્ડમાં રાજકુમાર પાલ, શમશેર સિંહ, મનપ્રીત સિંહ, હાર્દિક સિંહ અને વિવેક સાગર પ્રસાદ સામેલ છે.

ફોરવર્ડમાં અભિષેક, સુખજીત, લલિત કુમાર ઉપાધ્યાય, મનદીપ સિંહ અને ગુરજંત સિંહ સામેલ છે. પાઠક અને નીલકાંત સિવાય ડિફેન્ડર જુગરાજ સિંહ ભારતના ત્રીજા વૈકલ્પિક ખેલાડી છે.

મુખ્ય કોચ ક્રેગ ફુલ્ટને કહ્યું, અમારા ખેલાડીઓમાં પ્રતિભાની ઊંડાઈના કારણે પેરિસ ઓલિમ્પિકની ટીમ માટે પસંદગી પ્રક્રિયા ખૂબ પ્રતિસ્પર્ધી હતી. જોકે મને વિશ્વાસ છે કે પસંદ કરવામાં આવેલા દરેક ખેલાડી પેરિસમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરશે.તેમણે કહ્યું, પસંદ કરેલા દરેક ખેલાડીએ તૈયારી તબક્કા દરમિયાન અસાધારણ કૌશલ્ય, સમર્પણ અને સુગમતા દર્શાવી છે. ફુલ્ટને કહ્યું, અમારું ધ્યાન એક એવી ટીમ બનાવવા પર રહ્યું છે જે રમવાની અલગ સ્ટાઈલ અને પરિસ્થિતિઓથી સાંમજસ્ય બેસાડી શકે. મને વિશ્વાસ છે કે અમે તેને પ્રાપ્ત કરી લીધું છે.

ભારતીય ટીમ પોતાનું અભિયાન ૨૭ જુલાઈએ ન્યુઝીલેન્ડ સામે શરૂ કરશે. જે બાદ ૨૯ જુલાઈએ ટીમનો સામનો આર્જેન્ટિના સાથે થશે. પછી ભારત ૩૦ જુલાઈએ આયર્લેન્ડથી એક ઓગસ્ટે બેલ્જિયમથી અને બે ઓગસ્ટે ઓસ્ટ્રેલિયા સાથે ટકરાશે.

ભારતે અત્યાર સુધી ૮ ગોલ્ડ, એક સિલ્વર અને ત્રણ બ્રોન્ઝ સહિત કુલ ૧૨ ઓલિમ્પિક મેડલ જીત્યા છે. પુલ એ માં નેધરલેન્ડ, જર્મની, બ્રિટન, સ્પેન, દક્ષિણ આફ્રિકા અને મેજબાન દેશ ફ્રાન્સ સામેલ છે. ટીમ આ પ્રકારે છે : ગોલકીપર- પી. આર. શ્રીજેશ.

ડિફેન્ડર- જરમનપ્રીત સિંહ, અમિત રોહિદાસ, હરમનપ્રીત સિંહ, સુમિત, સંજય.મિડફીલ્ડર- રાજકુમાર પાલ, શમશેર સિંહ, મનપ્રીત સિંહ, હાર્દિક સિંહ, વિવેક સાગર પ્રસાદ.

ફોરવર્ડ- અભિષેક, સુખજીત સિંહ, લલિત કુમાર ઉપાધ્યાય, મંદીપ સિંહ, ગુરજંત સિંહ.

વૈકલ્પિક ખેલાડી- નીલકાંત શર્મા, જુગરાજ સિંહ, કૃષ્ણ બહાદુર પાઠક.

### ૪ લોકો ગેરકાયદેસર રીતે ઘરમાં ઘૂસ્યા

# બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનકની સુરક્ષામાં ચૂક

## બ્રિટનમાં સામાન્ય ચૂંટણીના એક અઠવાડિયા પહેલા બનાવ બન્યો

લંડન,તા.૨૬

બ્રિટનમાં એક તરફ સામાન્ય ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ વડાપ્રધાન ઋષિ સુનક ની બાબતે એક આઘાતજનક સમાચાર બહાર આવ્યા છે. ઉત્તર ઈંગ્લેન્ડમાં બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનકના રહેણાંક વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરવા બદલ મંગળવારે ચાર લોકોની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે આ સમગ્ર મામલે માહિતી આપી છે. ઋષિ સુનકનું ઉત્તર યોર્કશાયરના કિર્બી સિગસ્ટન ગામમાં એક ઘર છે જે તેમણે ૨૦૧૫માં ખરીદ્યું હતું.નોર્થ યોર્કશાયર પોલીસે જણાવ્યું કે, તેમને મંગળવારે બપોરે આ અંગેની માહિતી મળી હતી. માહિતી મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પોલીસે તમામ આરોપીઓની ધરપકડ કરી છે. હાલ પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.આ દરમિયાન ‘યુથ ડિમાન્ડ’ નામના એક ગ્રુપે એક વીડિયો શેર કર્યો જેમાં તેનો એક સભ્ય ૅસ સુનકના રહેણાંક સંકુલમાં એક તળાવ પાસે જોવા મળી રહ્યો છે. આ ઘટના બ્રિટનની સામાન્ય ચૂંટણીના એક અઠવાડિયા પહેલા બની છે.યુથ ડિમાન્ડ ગ્રૂપ વિશે મળતી માહિતી અનુસાર, આ સંગઠન ઈઝરાયેલને બ્રિટનના સમર્થનનો વિરોધ કરે છે. ગ્રૂપ સરકાર પાસે ૨૦૨૧માં આપવામાં આવેલા ઓઈલ અને ગેસ લાઈસન્સ રદ કરવાની પણ માંગ કરી રહ્યું છે.ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રી ઋષિ સુનકે આ વર્ષની શરૂઆતમાં પણ આ ગ્રુપની ટીકા કરી હતી. તે સમયે આ ગ્રુપ સાથે જોડાયેલા લોકોએ લેબર નેતા કીર સ્ટારમરના ઘરે બેનર લટકાવ્યું હતું. જેમાં લખેલું હતું ‘હત્યા બંધ કરો.’ તેને ઈઝરાયલ અને હમાસ વચ્ચેના યુદ્ધ સાથે જોડવામાં આવી રહ્યું હતું.

### સોનૂ નિગમે કેદારનાથના દર્શન કરીને પ્રાર્થના કરી

# સિંગર સોનૂ નિગમે બાબા કેદારનાથના દર્શન કર્યા

## તેણે ગળામાં ભગવો ખેસ ધારણ કરીને સફેદ કૂર્તો પહેર્યો હતો

દેહરાદૂન, તા.૨૬

બોલિવૂડના મશહૂર પ્લેબેક સિંગર સોનૂ નિગમ કેદારનાથ ધામના દરબારમાં પહોંચ્યો હતો.તે હેલિકોપ્ટરથી કેદારનાથ ધામ આવ્યો. આ દરમિયાન તે સંપૂર્ણપણે શિવભક્તિમાં લીન જોવા મળ્યો હતો. તેણે ગળામાં ભગવો ખેસ ધારણ કરીને સફેદ કૂર્તો પહેર્યો હતો. સોનૂ નિગમે બાબા કેદારનાથના દર્શન કરીને પ્રાર્થના કરી હતી.સોનૂ નિગમ ઉત્તરાખંડમાં સ્થિત બાબા કેદારનાથ ધામના મંદિર બહાર ઊભેલો જોવા મળ્યો હતો. તેની સાથએ અન્ય પુજારી પણ જોવા મળ્યા હતા. ગાયકના માથા પર ચંદનનું તિલક હતું. હેલિકોપ્ટરમાંથી ઉતરીને સોનૂ પગપાળા મંદિરે પહોંચ્યો હતો. સોનૂ નિગમની સાથે તેનો પરિવાર પણ બાબા કેદારનાથના દર્શને પહોંચ્યો હતો. આ દરમિયાન સોનૂ નિગમને જોવા માટે ભીડ બેકાબૂ થઈ હતી. લોકો તેની સાથે સેલ્ફી લેવાની કોશિશ કરતા હતા.ભોલેબાબાની શરણમાં પહોંચતા જ સોનૂ નિગમે ભગવાન શિવની આરાધના કરી અને જળાભિષેક કર્યો. મંદિર પ્રાંગણમાં મંદિર સમિતિ પ્રભારીઓએ સિંગરનું સ્વાગત કર્યું અને ભગવાન કેદારનાથનો પ્રસાદ ભેટ કર્યો હતો. આ ઉપરાંત સિંગરે મહંતની સામે ભજન પણ ગાઈને સંભળાવ્યા હતા.વર્કફ્રંટની વાત કરીએ તો તાજેતરમાં સોનૂ નિગમે આમિરખાનના પુત્ર જુનેદ ખાનની ડેબ્યૂ ફિલ્મ મહારાજના એક ગીતમાં અવાજ આપ્યો છે. તેણે મહારાજ ફિલ્મનું અચ્યુતમકેશવમ.. ભજન પોતાના અવાજમાં ગાયું છે, જે હાલમાં ટોપ ટ્રેન્ડમાં છે.

### જીલ્લા પંચાયતનાં સભ્ય પ્રતિનિધિનાં અધ્યક્ષ સ્થાને

# બાબરાનાં સુખપુર, શિરવાણીયા અને ખંભાળા ગામની પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

### પદાધિકારોઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં


બાબરા, તા.૨૬

બાબરા તાલુકામાં શાળા પ્રવેશોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.અહી તાલુકાનાં શિરવાણીયા,ખંભાળા અને સુખપુર ગામમાં જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડના અધ્યક્ષ સ્થાને શાળ ાપ્રવેશોત્સવનીભવ્યઉજવણીકરવમાંઆવી હતી. અહી ધોરણ ૧મા બાળકોને શાળામાં પ્રવેશ કરાવીશૈક્ષણિક કીટ આપવામાંઆવી હતી. તેમજ શાળામાં મેદાનમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતુ.

સમગ્ર રાજયમાં ત્રિદિવસીય શાળાપ્રવેશોત્સવનીભવ્યઉજવણીકરવામાં આવશે. શાળામાં ધો. ૧મા પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓનુ અધિકારીઓ તેમજ પદાધિકારીઓના હસ્તે નામાંકન કરવામાં આવશે.ત્યારેતાલુકાપંચાયતવિસ્તારસુખપર શિરવાણીયાઅનેખંભાળાગ્રામ્યવિસ્તારની શાળામાં જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ અને અધિકારીઓના હસ્તે બાળકોનું નામાંકન કરવામાં આવ્યુ હતુ.આતકેબીઆરસીનીતિનભાઈચાવડા, રામભાઈ હુંદડ સહિતના શાળાના શિક્ષકો વાલીઓ અને સ્થાનિકો અગ્રણીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિ રહ્યા હતા.



# સણોસરા ખાતે શાળા પ્રવેશોત્સવની ઉજવણી



સણોસરા, તા.૨૬

સણોસરા પ્રા શાળા ખાતે કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ઉજવણી અમરેલી નાયબ કલેકટરની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયો એ કાર્યક્રમમાં બાલવાટીકા તથા આંગણવાડીમાં દાખલ કરવામાં આવેલ તથા શાળા અભ્યાસ કરતા ૧ થી ૮ ના સારા માર્કની ઉતીર્ણ થયેલ તેવા તમામ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવેલ હતું..

આ કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવેલ હતું શાળાના આચાર્ય સરવૈયા સાહેબ. અખિલભાઈ.ધવલભાઈ.ભીમાંણીભાઈ તથા વર્ષાબેન દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ હતું. ગામના આગેવાન સરપંચ તાલુકા પંચાયત સદસ્ય એસ.એમ.સી. કમિટી તથા ગામના અગ્રણી હાજરી આપેલ હતી.

### જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં

# અમરેલીનાં ઈશ્વરીયા ખાતે શાળા પ્રવેશ ઉત્સવ અને કેળવણી મહોત્સવ યોજાયો

### અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા પણ ઉપસ્થિત રહયા

અમરેલી, તા. ૨૬

આજરોજ પીએમ 'મદદ' શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જીલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડ્યા સાહેબની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.

કાર્યક્રમની શુભ શરૂઆત દિપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું. પછી પધારેલ મહેમાનોનું પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ આંગણવાડી , બાલવાટિકા અને ધોરણ ૧ ના બાળ કોને દાતાઓ દ્વારા આપવામાં આવેલ શૈક્ષણિક કીટ આપી પ્રવેશ આપવામાં આવ્યો હતો. પછી વિવિધ સ્પર્ધા અને ગત વર્ષની પરીક્ષામાં પ્રથમ આવેલ બાળકોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માન. ડીડીઓ સાહેબ દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રવચન કરવામાં આવ્યું હતું. પછી વૃક્ષા રોપણ અને ટ્રાન્સપોર્ટેશન સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ શાળાના આચાર્ય પરેશભાઈ ગાંગડીયા દ્વારા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકેમાન. જીલ્લા વિકાસ અધિકારી સાહેબ પંડ્યા સાહેબ , અમર ડેરી ના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, સામાજિક ન્યાય સમિતિના પુર્વ ચેરમેન મુકેશભાઈ બગડા, તાલુકા પંચાયતના પૂર્વ ઉપ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, બીઆરસી બીપીનભાઈ ગજેરા સીઆરસી રવીન્દ્રભાઈ મહેતા , સરપંચ બાબુભાઈ વામજા, સેવા સહકારી મંડળીના પ્રમુખ ધીરૂભાઈ રૂપાલા, મોટા બાની વાડીના પ્રમુખ રતિલાલ વામજામંત્રી મગનભાઈ રૂપાલા, એસ એમ સી કમિટીના તમામ સભ્યો, વાલીઓ સહીત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



### તાજેતરમાં અમદાવાદ ખાતે પરિજાત એવોર્ડ પ્રાપ્ત થતા

# ''અમરેલી એક્સપ્રેસ''નાં કોલમ લેખક યોગેશ ભટ્ટનું ચિતલ ખાતે થયું સન્માન

### બાલકૃષ્ણ ટ્રસ્ટ સહિત અન્ય સંસ્થા દ્વારા કરાયું સન્માન



અમરેલી, તા.૨૬


અમરેલીનાં પ્રસિધ્ધ નાગનાથમંદિર અને રામજી મંદિરે છેલ્લા ૨૦ વર્ષથી સુવિચાર અને '' અમરેલી એક્સપ્રેસ'' દૈનિકમાં કોલમ લખનાર યોગેશ ભટ્ટને તાજેતરમાં અમદાવાદ ખાતે પારિજાત એવોર્ડ એનાયત થયેલ છે.

જે અંતર્ગત ચિતલ ખાતે બાલકૃષ્ણસાહિત્યસભાટ્રસ્ટવતીઈતેશ મહેતા અને કનુભાઈ લીંબાસીયા દ્વારા યોગેશભટ્ટનુંસન્માનકરવામાંઆવ્યુહતુ.

### વેપારીઓએ ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલાનાં પોસ્ટ ઓફિસ માર્ગ ઉપરનાં વેપારીઓ બિસ્માર માર્ગથી પરેશાન

### ચોમાસામાં વરસાદી પાણીનો દુકાનોમાં ભરાવો



અમરેલી, તા.૨૬

સાવરકુંડલાના પોસ્ટ ઓફિસ રોડ ઉપરના વેપારીઓએ ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, નાવલી પોલિસ ચોકી શ્યામ મેડકીલ થી કાપેલ ધાર સુધીનો રસ્તો છેલ્લા દોઢ વર્ષથી બિસ્માર હાલતમાં છે જે માત્ર બે વર્ષે પહેલાજ બનાવેલો છે. તેમાં હાલ બે કે ત્રણ ફુટનાં ખાડા પડી ગયા છે. તેમાંથી કાંકરીઓ અને ગંદુ પાણી ઉડીને દુકાનમાં આવે છે. આ રોડ પર આગળ શૈક્ષણિક સંકુલો આવેલ હોય બાળકો, વડીલો અવાર નવાર આ ખાડાનાં કારણે પડીને ઈજાગ્રસ્ત થાય છે. અને વારંવાર આ રોડના કારણે વાહનો વાળાને રકઝક થાય છે.અગાઉથી રજુઆતમાં માત્ર આશ્વાસનો આપવામાં આવેલ. જાગૃતતા દર્શાવીને આ રોડનું કામ તાત્કાલીક કામ ચાલુ કરાવો. તદુપરાંત આ રોડને ઉંડાઈથી કરવામાં આવે કારણ કે હાલમાં ચોમાસામાં વરસાદનું પાણી દુકાનોમાં આવી જતું હોય અત્યારે છે. તેના કરતા એક થી દોઢ ફુટ નીચે રોડ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવેલ છે.

### સ્વચ્છતા ત્યાં પ્રભુતાની નેમને સાર્થક કરવા રાજય સરકાર પ્રતિબધ્ધ

# અમરેલી જીલ્લાનાં યાત્રાધામને હરિયાળા બનાવવા જીલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન

### યાત્રાધામમાં વૃક્ષારોપણ ઝુંબેશ : વિવિધ સંસ્થાઓનો સહયોગ સાંપડશે

અમરેલી, તા.૨૬

અમરેલી તા.૨૬ જૂન, ૨૦૨૪ (બુધવાર) ગુજરાત રાજયના યાત્રાધામ સ્વચ્છ, સુઘડ અને હરિયાળા બની રહે તે માટે કલીન એન્ડ ગ્રીન યાત્રાધામ તથા સ્વચ્છતા ત્યાં પ્રભુતાની નેમ ને સાર્થક કરવા રાજય સરકાર પ્રતિબપ્રધ્ધ છે. ગ્રામ્ય શહેરી વિસ્તારના નાના-મોટા ધાર્મિક સ્થળોને આવરી લઈ રાજયનાં મહત્વનાં યાત્રાધામ અને સરકારી દેવસ્થાનો ખાતે વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

અમરેલી જિલ્લાના ગળધરા, ચલાળા, ભુરખીયા હનુમાન સહિતના પ્રસિદ્ધ યાત્રાધામો ખાતે વર્ષાઋતુના પ્રારંભે વૃક્ષારોપણની વ્યાપક ઝુંબેશ હાથ ધરવા અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજન ઘડવામાં આવી રહ્યું છે. યાત્રાધામ સ્વચ્છ, સુઘડ અને હરિયાળા બની રહે તે માટે સ્વચ્છતા ત્યાં પ્રભુતાની નેમ ને સાર્થક કરવા અમરેલી જિલ્લાનાં યાત્રાધામોને હરિયાળા બનાવવા જિલ્લા વહીવટી તંત્ર પ્રતિબપ્રધ છે.

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાએ અમરેલી જિલ્લાનાં યાત્રાધામોને હરિયાળા બનાવવાની કામગીરી માટે તાલુકાવાર તાલુકા વિકાસ અધિકારીને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરી જવાબદારીઓ સોંપી છે. યાત્રાધામોમાં વૃક્ષારોપણનાં અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લાની સ્થાનિક સ્વરાજય સંસ્થાઓ, ધાર્મિક સંગઠનો, શૈક્ષણિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓ વગેરેનો સહયોગ સાંપડશે, તેમ અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### યુનાઈટેડ નેશન્સ દ્વારા ઈન્ટનેશનલ ડે ઓફ વુમન ડિપ્લોમસી દિને

# અમરેલીનાં સ્વ. ડો. હંસાબેન જીવરાજભાઈ મહેતાને વિશેષ શ્રધ્ધાંજલિ અર્પણ કરાઈ

### ગુજરાતી મહિલાની નોંધ વિશ્વ લેવલે લેવાઈ રહી છે

અમરેલી, તા.૨૬

યુ એન દ્વારા હંસાબહેનને યાદ કરવામાં આવતા ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ દ્વારા યુ એન ને ઈમેઈલ કરી આભાર માનવામાં આવ્યો.

વિશ્વભરમાં ૨૪ જૂનનો દિવસ ઈન્ટનેશનલ ડે ઓફ વુમન ઈન ડીપ્લોમસી (કુટનીતિનાં ક્ષેત્રેમૂલ્યવાન યોગદાન આપનારમહિલાઓને સમર્પિતદિવસ) તરીકેમનાવવામાં આવે છે. યુનાઈટેડ નેશન્સમાં આ દિવસ નિમિતે યુ એનની જનરલ એસેમ્બલીનાં પ્રમુખ ડેનિસ ફ્રાન્સિસે આપણા અમરેલીનું ગૌરવ અને ગુજરાતનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાનાં ધર્મપત્નિ અને જાણીતા સમાજ સુધારક, શિક્ષણવિદ હંસાબહેન મહેતાને યાદ કરીને વિશેષ શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

સોમવારે સંયુક રાષ્ટ્ર નાં મુખ્ય મથક ખાતે યોજાયેલા ખાસ કાર્યક્રમમાં બોલતા ફ્રાન્સિસે અવરોધોને પાર કરી ને સર્વસમાવેશક નીતિઓ, વિચારને વેગ આપવામાં યોગદાન આપનાર મુત્સ્દી મહિલા નેતાઓને ભાવાંજલિ આપતા હંસાબહેન મહેતા વિષે તેઓએ કહ્યું હતું કે આજે માનવ અધિકારનો વિચાર ખરા અર્થમાં વૈશ્વિક છે તેનો શ્રેય હંસા મહેતાને ફાળે જાય છે.ઉલ્લેખનીય છે કે હંસાબહેન મહેતા ૧૯૪૭થી ૧૯૪૮ દરમિયાન માનવ અધિકાર અંગેનાં યુ એન કમિશનમાં ભારતનાં પ્રતિનિધિ તરીકે સામેલ થયા હતા.

માનવ અધિકાર અંગેના વૈશ્વિક ઘોષણાપત્રની કલમ-૧ ની ભાષામાં હંસાબહેને મહત્વનો સુધારો કરાવ્યો હતો. આ કલમમાં પહેલા લખવામાં આવ્યું હતું કે, "Allman a born free and equal" (દરેક પુઢષ જન્મથી મુક્ત અને સમાન છે ),જોકે હંસાબહેન મહેતા એ માત્ર પુઢષ જ નહી દરેક વ્યકિ ને આવરી લેતા આ વાક્યમાં સુધારો કરાવ્યો હતો કે, "All human beings are born free and equal" દરેક માનવી જન્મથી મુક્ત અને સમાન છે. આ રીતે હંસાબહેન મહેતાએ માત્ર પુઢષ કે સ્ત્રી નહી પણ દરેક માનવી સમાન છે. એ વિશ્વને યાદ અપાવ્યું હતું. આ બાબતની નોંધ લઈને યુ એન ના પ્રમુખે હંસાબહેન મહેતાને યાદ કરીને વિશેષ શ્રદ્ધાંજલિ આપી હતી. યુ એન મા હંસાબહેન મહેતાને યાદ કરવામાં આવતા આ ગૌરવવંતિ ઘડીએ ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મોટાભાઈ સંવટ દ્વારા ઈ-મેઈલ કરીને સંયુક રાષ્ટ્ર ના પ્રમુખનો આભાર માન્યો છે.



# જુના ગીરીયા સહિતનાં ગામોમાં શાળા પ્રવેશોત્સવની ઉજવણી









રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૧૦૦ ટકા નામાકંન થાય, ડ્રોપાઉડ રેશિયો ઘટે તથા કન્યા કેળવણીને પ્રોત્સાહન મળ તેવા હેતુથી ગુજરાત સરકાર દ્વારા રાજયની તમામ શાળાઓમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. જેમાં શાળામાં બાલવાટીકા, ધોરણ૧ અને આંગણવાડીમાં બાળકોને પ્રવેશ આપવામાં આવે છે. ''ઉજવણી ઉલ્લાસમય શિક્ષણની'' થીમ સાથે કન્યા કેળવણી મહોત્સવ અને શાળ ાપ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત અમરેલી તાલુકાની જુના ગીરીયા, નવા ગીરીયા તથા બક્ષીપુર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન રૂટ અધિકારી બી.એચ.પીપળીયા, નાયબ ખેતી નિયામક, અમરેલી તેમજ લાયઝન અધિકારી શરદભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ સાથે અમરેલી તાલુકા પંચાયતના પૂર્વ વનરાજભાઈ કોઠીવા, સામાજીક આગેવાન મહેન્દ્રભાઈ ચાવડા, ગામના સરપંચ, આરોગ્ય શાખામાંથી હર્ષલભાઈ, કેસુરભાઈ, મુખ્યસેવીકા, એસ.એમ.સી. કમિટીના અધ્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશોત્સવ અંતર્ગત જુના ગીરીયા આંગણવાડીમાંઅ ૧૯ બાળકો, બાલવાટીકામાં ૬ ધો. ૧ માં ૨ બાળકો, નવા ગીરીયા આંગણવાડીમાં ૯ બાળકો, બાલવાટીકામાં ૧૫ બાળકો, ધો. ૧માં ૨૦ બાળકો જયારે બક્ષીપુર આંગણવાડીમાં ૨૨ બાળકો, બાલવાટીકામાં ૧૫ બાળકો તથા ધો ૧ માં ૧૯ બાળકોને શાળાના પાઠયપુસ્તક, શૈક્ષણિક કીટ આપી તેમજ મોઢુ મીઠુ કરાવી પ્રવેશ આપવામાં આવ્યો હતો. શાળાના સ્ટાફ દ્વારા ઉપસ્થિત અધિકારીઓ, કર્મચારીઓ, આગેવાનો ગ્રામજનોનું સ્વાગત કરવામાં આવેલ, આ તકે રૂટ અધિકારી તેમજ લાયઝન અધિકારી દ્વારા કાર્યક્રમને અનુરૂપ પ્રેરક ઉદબોધન આપી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. સાથે સાથે પર્યાવરણની જાળવણીના સંદેશ સાથે શાળામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પ્રવેશોત્સવ અંતર્ગત પધારેલા રૂટ સધિકારી દ્વારા શાળાની એસ.એમ.સી. સમિતિના સભ્યો સાથે બેઠક યોજી શાળાના વિકાસ લક્ષી બાબતો અંગે ચર્ચા કરી હતી. કાર્યક્રમના અંતે શાળ ાના સ્ટાફ દ્વારા ઉપસ્થિત અધિકારીઓ, આગેવાનો ગ્રામજનો તેમજ વાલીઓનો આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# બગસરા તાલુકાની શાળા નંબર ૪ પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્વ યોજાયો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા શહેરના પછાત વિસ્તારમાં આવેલી શાળા નંબર ૪ માં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તથા જિલ્લા શિક્ષણ સમિતિના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫નો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ બગસરા તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધિ બાબુભાઈ બકરાણીયાના અધ્યક્ષ સ્થાને દબદબાભેર ઉજવાયો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ધીઢભાઈ કોટડીયા, સ્વસ્તિક શરાફી સહકારી મંડળી ચેરમેન મનોજભાઈ મહિડા, શહેર ભાજપ મહામંત્રી અશોકભાઈ પંડયા, નગરપાલિકા સદસ્ય કાળુભાઈ કિકાની તથા જયંતીભાઈ વેકરિયા, શિક્ષણવીદ જગદીશભાઈ બુમતારીયા વગેરે ઉપસ્થિત રહી આંગણવાડી, બાલવાટિકા તથા ધો.૧ના બાળકોને પ્રવેશ આપી પ્રોત્સાહિત કરાયા. વર્ષ દરમિયાન સિ.ઈ.ટી., પી.એ.ટી. જેવી શિષ્યવૃત્તિ લાભદાયી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ ને સન્માનિત કરાયા. શાળાના શેઠ સી કે પારેખ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા બાળકોને લેખન માટેની સ્ટેશનરી તેમજ પિયુષભાઈ શીંગાળા પરિવાર દ્વારા શાળાના વિદ્યાર્થીનિઓને સ્પોર્ટ્સ યુનિફોર્મ સહિત ૬૧ હજારની સામગ્રી પણ મહાનુભવો દ્વારા આપી દાતાઓને બિરદાવ્યા હતા. મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરાયું તેમજ સ્માર્ટ ક્લાસ વર્ગોની મુલાકાત અને નૂતન પ્રજ્ઞા વર્ગ સાહિત્ય તેમજ નિપુણ ભારત મિશન અંતર્ગત અપાયેલ નુતન સાહિત્યના સ્ટોલની મુલાકાત લઈ પ્રોત્સાહિત કરાયેલ. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા શાળાના આચાર્ય દર્શનભાઈ ઠાકર તથા તમામ શાળા પરિવાર દ્વારા જહેમત ઉઠાવાયેલ.

પાના ૧ ઉપરનું ચાલું

## રાજુલાનાં જુની કડીયાળી

ઘવાયેલા હરસુરભાઈને રાજકોટ ખાતે સારવાર માટે ખસેડાયેલ જયાં તેમનું આજે સવારે મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો હતો.

આ બનાવમાં ભોગ બનનાર મૃતક હરસુરભાઈ ભરતભાઈ ધાખડાને સબ ડિવીઝનલ મેજી. રાજુલાના હુકમ હદપારી કેસ નં. ૮/૨૩ ના કામે બે વર્ષ માટે અમરેલી જીલ્લા તથા તેને લાગીને આવેલ ભાવનગર તથા ગીર સોમનાથ એમ કુલ–૩ જીલ્લાઓમાંથી હદપાર કરેલ હોવા છતાં આ ઈસમે કોર્ટ અથવા કોઈ સત્તાધિકારીની પુર્વ મંજુરી વગર બીજીવાર અમરેલી જીલ્લાના રાજુલામાં પ્રવેશ કરી હદપારી હુકમનો ભંગ કરી ગુન્હો કરેલ હોવાની પણ પોલીસે ફરિયાદ નોંધેલ હતી.

## નામ બદલાવેલ છે

આથી હું જાહેર કરનાર, **જનકભાઈ ભીખાભાઈ સરધારા**, મારૂ જુનું નામ **જનકકુમાર ભીખાભાઈ સરધારા**માંથી બદલીને, **જનકભાઈ ભીખાભાઈ સરધારા** કરેલ છે. તો હવેથી હું આ નામથી ઓળખાઈશ.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરા પંથકનાં ફૂલઝર સહિતનાં

મહેનત કરી મગફળીનું વાવેતર કરવામાં આવી રહ્યું છે પણ ફુલજર ગામ સહિત આસપાસના ગામમાં ખેતરમાં સિમ વિસ્તારમાં જંગલી ભૂંડનો ત્રાસ વધી ગયો છે. અહીં ગામમાં મનુભાઈ નરશીભાઈ લુણાગરિયાએ પોતાના ખેતરમાં દસ વિઘામાં મગફળીનું વાવેતર કરેલ છે પણ જંગલી ભૂંડ તમામ બિયારણ ખોતરી ખાય જતા ખેડૂતને મોંઘું બિયારણ અને મજૂરી માથે પડી છે. આવું નુકસાન લગભગ આ વિસ્તારના ખેડૂતના ખેતરમાં જોવા મળી રહ્યું છે. ત્યારે રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં યોગ્ય મદદ કરવામાં આવે અને ભૂંડના ત્રાસમાંથી મુકિત આપવામાં આવે તેવી પત્ર દ્વારા માંગ કરવામાં આવી છે.

## અવસાન નોંધ

**લીલીયા :** સલડી નિવાસી હાલ અમરેલી સૌરાષ્ટ્ર બાજખેડાવાળ બ્રાહ્મણ, ગં.સ્વ. કાંતાબેન મુળશંકરભાઈ વ્યાસ (ઉ.વ. ૯૭)નું તા. ૨૬/૬/૨૦૨૪ને બુધવારનાં રોજ કૈલાસવાસ થયેલ છે. તે સ્વ.મૂળશંકરભાઈ કાનજીભાઈ વ્યાસના ધર્મપન્તિ તથા મહેન્દ્રભાઈ મુળશંકરભાઈ તથા મહેશભાઈ મુળશંકરભાઈ વ્યાસ તથા હંસાબેન પોપટલાલ દવે મુંબઈ અને આશાબેન નરેશભાઈ મહેન્દ્રભાઈ વ્યાસનાં દાદી થાય છે. જેમનું બેસણુ તા. ૨૮/૬/૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦થી ૬:૦૦ વાગ્યા સુધી ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ મુકામે રાખેલ છે.

**વડિયા :** અરજણસુખ નિવાસી તારાબહેન બાબુલાલ ચાંદરાણી (ઉ.વ. ૮૯) તે ધીરૂભાઈ (પોરબંદર), જીતુભાઈ (વિસાવદર), હસુભાઈ, નિલેશભાઈ અને જયેશભાઈનાં માતૃશ્રી તથા શશિકાંત કાનજીભાઈ ખીમાણીનાં મોટાબેનનું તા. ૨૬/૬/૨૪ને બુધવારે અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭/૬/૨૪ને ગુરૂવારનાં રોજ અરજણસુખ મુકામે ૪ થી ૬ રાખેલ છે.

**અમરેલી :** મુળ કેશોદ હાલ અમરેલી નિવાસી ભીખુભાઈ દાદુભાઈ સાકરીયા (ઉ.વ. ૮૦) તે પ્રકાશભાઈ, અજીતભાઈ ના પિતા, દેવાંગ, સોનમ, પ્રિયાના દાદાનું તા. ૨૪ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૭ ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ કલાકે તેમના નિવાસસ્થાન બ્રાહમણ સોસાયટી, રામનગર, શેરી નં–૬, અમરેલી ખાતે રાખેલ છે.

## અમરેલી : સંવેદન ગૃપ દ્વારા ૧૦૨મું ચક્ષુદાન લેવાયુ



અમરેલી, તા. ૨૬

અમરેલીના સરદાર નગરમાં વસતા પરેશભાઈ નાથાભાઈ વાઢેર ઉ.વ.૪૩ નુ બિમારીને કારણે તા. ૨૬.૬.૨૪ બુધવારનાં રોજ અવસાન થયું હતુ. તેઓ રામેશ્વર ધૂન મંડળના અશ્વિનભાઈ વાઢેરના મોટા ભાઈ, દર્શન તથા સોહમના પિતાજી થાય. તેમના પરિવારજનો દ્વારા ચક્ષુદાનનો નિર્ણય કરવામાં આવ્યો, આ માટે તેમણે ચક્ષુદાન ક્ષેત્રે સેવારત સંસ્થા સંવેદન ગૃપનો સંપર્ક કરી ચક્ષુદાન લેવા જણાવેલ.

આ નેત્રદાન સ્વીકારવા માટે સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી, ટ્રસ્ટી દિપક મહેતા સાથે ઈન્ડિયત રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલા બ્રાંચના સેક્રેટરી મેહુલ વ્યાસ તથા દર્શન પંડયાએ સેવા આપી હતી. સેવાભાવી વાઢેર પરિવારે કરેલ યોગ્ય નિર્ણય બે અંધજનોના જીવનમાં રોશની લાવશે તેમજ મૃત્યુબાદ નેત્રદાન માટે સમાજમાં પ્રેરદાયી ઉદાહરણ પુરૂ પાડયું છે. તેમ સંસ્થાના મંત્રી મેહુલ વાઝાએ જણાવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૮૧ | ૧૪૮૬ |
| ૨ | જુવાર સફેદ | ૮૮૧ | ૯૦૬ |
| ૩ | તલ સફેદ | ૨૩૫૧ | ૨૪૩૮ |
| ૪ | શીંગ ફાડા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૫ | બાજરો | ૪૭૦ | ૪૮૧ |
| ૬ | ધાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૭ | રાજગરો | ૧૦૦૦ | ૧૦૦૦ |

## રંગપુર ખાતે વાહકજન્ય રોગો વિશે માહિતગાર કરવામાં આવ્યા



રંગપુર, તા. ૨૬

રંગપુર ગામ ખાતે વાહકજન્ય રોગ જેવાં કે મેલેરિયા, ડેનગયુ અને ચિકનગુનિયા જેવાં રોગોનો ફેલાવો ના થાય તે માટે જૂન માસ અંતર્ગત જીલ્લા મેલેરિયા અધિકારી ડો.સિંગ તાલુકા હેલ્થ ઓફિસર ડો.સિન્હા તથા પા.આ.કેન્દ્ર મોટા આંકડીયા ના મેડિકલ ઓફિસર ડો. કીર્તિ મેડમની સૂચના અનુસાર રંગપુર ગામના ૨૨ જેટલાં ઘરોની ખુલ્લી પાણીની ટાકીઓમાં તથા ગામના અવેડામા ગપ્પી માછલીઓ મૂકવામાં આવેલ તથા ગામજનોને વાહકજન્ય રોગો વિષે માહિતગાર કરવામાં આવેલ. આ કામગીરીને સફળ બનાવવા ગામના સ્થાનિક આરોગ્ય કર્મચારીઓ એસ.પી રાણવા ડી.જી રાજયગુરૂ, કે.બી.દુધાત, હર્ષાબેન મયાત્રા તથા ગામના યુવાન જયદીપભાઈ વોરાનો સહયોગ મળેલ હતો.

પાના ૮ ઉપરનું ચાલું

## લીલીયામોટાને આગામી ૪૫ દિવસમાં

પેહલા લીલીયા ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રતિનિધિ મંડળએ સમયનાં જિલ્લા પંચાયતનાં પ્રમુખ ભરતભાઈ સુતરિયાને મળતા ત્યાં વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ભીખાભાઈ ધોરાજીયા, લીલીયાના સરપંચની ઉપસ્થિતિ વચ્ચે એ સમયનાં પ્રમુખ અને હાલનાં સાંસદ દ્વારા વચન આપવામાં આવેલ કે લીલીયાની જનતાની પીડાને હું દૂર કરીશ જયારે તેઓ લોકસભાની ચૂંટણી લડયા અને લીલીયાની જનતાએ એમના પર ભરોસો રાખી ૧૪૭૬ મતની લીડ લીલીયા સિટીએ આપેલ જેને અનુલક્ષી સાંસદ બનેલા ભરતભાઈ સુતરીયા દ્વારા આ કામને પ્રથમ પ્રાયોરિટી આપી અને લીલીયાની જનતાનો માથાનાં દુખાવા સમાન પ્રશ્ન હલ કરવા માટેની વ્યવસ્થાનાં ભાગરૂપે અશોક લેલન્ડનું મોટું જેટીગ મશીન આવતા ૪૫ દિવસોમાં લીલીયાની જનતાને આપવા માટેની પ્રક્રિયા આજરોજ હાથ ધરવામાં આવેલ હોય અને એ જેટિંગ મશીન આવનાર ૪૫ દિવસમાં લીલીયાની જનતાને મળી રહે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૫ | ૧૦૯૫ |
| ૨ | ઘઉં | ૪૨૫ | ૫૦૭ |
| ૩ | ચણા | ૧૧૭૦ | ૧૨૫૨ |
| ૪ | તલ | ૨૨૪૦ | ૨૪૬૦ |
| ૫ | ધાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૪૭૫ | ૧૪૭૫ |
| ૭ | શીંગ દાણા | ૧૨૧૦ | ૧૬૦૧ |
| ૮ | સોયાબીન | ૮૪૦ | ૮૫૩ |
| ૯ | વરીયાળી | ૧૪૩૦ | ૧૪૩૦ |

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીમાં રીવરફ્રન્ટ માટે

તાજેતરમાં જ મંજૂરી મળી છે.

આ મંજૂરી મળતા હવે ઠેબી રિવરફ્રન્ટ પાર્ક ફેઝ –૧ ના કામનું ટેન્ડર ટૂંક સમયમાં જ બહાર પડશે. આરસીસી રિટેનિંગ વોલ (તબક્કો–૧) ઠેબી રિવરફ્રન્ટ પાર્ક ડેવલપમેન્ટ માટે ઠેબી ડેમ પાસે કામનાથ મંદિર, અમરેલી ખાતે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ થનાર આ કામથી અમરેલી નગરના શહેરીજનોને માટે નવિન સુવિધાનો ઉમેરો થશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરા પોલીસ સ્ટેશનનાં

એલ.સી.બી. ટીમે બાબરા પોલીસ સ્ટેશનના ગુજરાત આતંકવાદ અને સંગઠિત અપરાધ નિયંત્રણ અધિનિયમ (ગુજસીકોટ) ૨૦૧૫ ની કલમ ૩(૧)(ii), ૩(૨), ૩(૪) મુજબના કામનો આરોપી સતવીર ધીરૂભાઈ ગીડા, (રહે. ગઢડીયા રોડ, સુર્યવંદના સોસાયટી, જસદણ) પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા હોય. આ લીસ્ટેડ આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## જાફરાબાદનાં શિયાળબેટને

માછીમારોનું જીવન નીર્વાહ માછી મારીના ધંધા આધારીત વિકાસ પામે તેવી વ્યવસ્થા ઉભી કરવાથી લેખીત માંાગણીઓ પડતર પડેલ છે છતા માગણીમાં સરકારે કોઈ કામગીરી કરેલ નથી ઉલટાનું સરકાર દ્વારા શિયાળ બેટમાં પ્રવાસન ધામ યાને ટુરીઝમ પ્રોજેકટ મુખ્યમ્ંની અધ્યક્ષતામાં તૈયાર થયેલ છે જે આયોજનનો ગ્રામજનો સંપુર્ણપણે વિરોધ કરે છે. જેથી મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં તૈયાર થયેલ આ પ્લાન બંધ રાખી માછીમારોના હિતમાં શિયાળબેટને માછીમાર બંદર જાહેર કરી માછીમારોના હિતમાં કાર્યવાહી કરવા માંગણી છે. તેમજ જો સરકાર દ્વારા આ યોજના બંધ રાખવામાં નહિ આવે તો ગાંધી ચિન્ધા રાહે જીલ્લા કલેકટર રાજુલા તેમજ ગાંધીનગર સ્વર્ણીમ સચિવાલની આગળ આમરણાંત ઉપવાસ કરવા જેમા કાર્યક્રમો પણ જાહેર કરી તેમજ કાયદાના આદેશ મુજબની જરૂરી તમામ પગલા લેવાની ચીમકી આપવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## બાવકુભાઈ ઉંઘાડની માંગ

ખેડૂતોની ખૂબ લાંબો સમયથી ડેમ બનાવવાની માંગણી છે. આ ડેમ બનતા કુંકાવાવ–વડિયા, બાબર, ગોંડલ અમે ત્રણ તાલુકાના ખેડુતોને લાભ મળી શકે તેમ છે. આ વિસ્તારમાં કોઈપણ સિંચાઈની વ્યવસ્થા નથી. ખેડુતો ફકત બોર અને કુવા આધારીત સિંચાઈ કરે છે. તો આ યોજનાનો સર્વે કરાવી સ્પેશ્યલ કેસ તરીકે મંજુરી આપવી જરૂરી છે.

વધુમાં જણાવે છે કે, બાબરા તાલુકાના દરેડ ગામે કાળુભાર નીદી ઉપર વર્ષ ૨૦૦૧ મા ગુજરાત રાજયની નાની સિંચાઈ યોજના હેઠળ ડેમ બનાવવા માટે નિર્ણય લીધો હતો. જેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ હતી. તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ દરેડ સિંચાઈ યોજનાનુ ખાતમુર્હૂત કરવાની તારીખ નક્કી થઈ ગઈ હતી. પરંતુ આગલા દિવસે અક્ષરધામ ઉપર ત્રાસવાદી હૂમલો થતા આ કાર્યક્રમ બંધ રહેલ હતો. અને ત્યાર પછી આ ડેમનુ ટેન્ડર કેન્સલ કરવામાં આવ્યુ હતુ. અને બાબરા, જામબરવાળા તથા ગઢડા અને લાઠી તાલુકાના ગામડાઓને પણ આ ડેમની યોજનાનો લાભ મળી શકે તેમ છે. તો સ્પેશ્યલ કેસમાં મંજુરી આપવી જરૂરી છે. તેમ પત્રમાં જણાવેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૨ | ૧૫૫૮ |
| ૨ | મગફળી | ૧૦૮૫ | ૧૧૧૫ |
| ૩ | ચણા | ૧૧૬૦ | ૧૨૮૦ |
| ૪ | જીરૂ | ૪૬૩૦ | ૫૪૯૦ |
| ૫ | ઘઉં | ૪૬૭ | ૫૪૩ |
| ૬ | તલ સફેદ | ૨૩૮૦ | ૨૫૨૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૨૦૯ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૨૬ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૧૦૦ | ૧૬૧૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૬૪૮ |
| ૬ | તલ કાળા | ૨૧૮૦ | ૩૧૬૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૦૭૧ | ૩૧૨૦ |
| ૮ | બાજરો | ૩૯૦ | ૪૬૬ |
| ૯ | જુવાર | ૪૧૫ | ૯૦૫ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૬૦૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૭ | ૫૬૧ |
| ૧૨ | મગ | ૧૦૦૦ | ૧૫૭૮ |
| ૧૩ | ચણા | ૧૧૧૦ | ૧૩૨૫ |
| ૧૪ | ચોળી | ૧૯૨૦ | ૨૬૫૫ |
| ૧૫ | તુવેર | ૧૫૮૦ | ૨૧૩૫ |
| ૧૬ | કપાસ | ૯૮૦ | ૧૫૨૭ |
| ૧૭ | એરંડા | ૧૦૦૦ | ૧૧૦૧ |
| ૧૮ | જીરૂ | ૨૨૦૦ | ૫૪૪૫ |
| ૧૯ | ઈસબગુલ | ૧૬૭૦ | ૨૩૮૦ |
| ૨૦ | ધાણા | ૯૩૫ | ૧૨૦૧ |
| ૨૧ | સોયાબીન | ૪૬૦ | ૮૮૬ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૧૧ | ૧૨૨૧ |
| ૩ | શીંગ દાણા | ૧૫૦૦ | ૧૭૫૧ |
| ૪ | તલ સફેદ | ૨૪૧૦ | ૨૭૧૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૩૮૫૦ | ૫૭૨૫ |
| ૭ | કપાસ | ૧૨૨૫ | ૧૫૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૫૬ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૬૦૦ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૪૫૪ |
| ૧૧ | જુવાર | ૫૫૦ | ૯૦૦ |
| ૧૨ | મગ | ૧૪૭૫ | ૧૬૦૨ |
| ૧૩ | અડદ | ૧૭૫૦ | ૧૯૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૫૦ | ૧૩૦૧ |
| ૧૫ | દેશી ચણા | ૧૩૨૫ | – |
| ૧૬ | તુવેર | ૧૭૦૦ | ૨૩૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૦૬૨ |
| ૧૮ | મેથી | ૧૦૫૦ | ૧૨૦૦ |
| ૧૯ | રાય/રાયડો | ૯૫૦ | – |
| ૨૦ | ધાણા | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૮૭૯ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૨૦૦ | ૧૨૮૨ |
| ૩ | રાય | ૯૪૦ | ૧૦૯૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૧ | ૫૨૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૧૪ |
| ૬ | શીંગદાણા | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૭ | તલસફેદ | ૧૮૦૦ | ૨૫૦૦ |
| ૮ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૫૨૦ |
| ૯ | સોયાબીન | ૮૨૮ | ૮૫૮ |
| ૧૦ | મગ | ૧૫૨૦ | ૧૫૭૦ |
| ૧૧ | જુવાર | ૭૨૦ | ૭૨૫ |
| ૧૨ | મગફળી | ૯૧૦ | ૧૧૦૦ |
| ૧૩ | અડદ | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૪ | બાજરો | ૩૯૬ | ૩૯૬ |
| ૧૫ | તલ કાળા | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૬ | ધાણા | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ૧૭ | ડુંગળી | ૩૫૧ | ૩૫૧ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૧ | ૧૧૦૧ |
| ૨ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૮૧ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૦૬ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૭૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૦૦ |
| ૬ | જુવાર | ૪૧૧ | ૯૨૫ |
| ૭ | મગ | ૧૫૦૦ | ૧૬૩૬ |
| ૮ | ચણા | ૧૧૫૦ | ૧૩૦૧ |
| ૯ | શીંગદાણા | ૧૦૦૧ | ૧૫૨૬ |
| ૧૦ | શીંગ ફાડા | ૧૦૦૦ | ૧૩૦૦ |

## ગરીબ પરિવારોનાં હક્ક-હિસ્સા ઉપર તરાપ મારનાર સામે કાર્યવાહી જરૂરી

# અમીર પરિવારો ગરીબ અને ગરીબ પરિવારો સરકારી ચોપડે બન્યા અમીર

**ઘરનું પાકુ મકાન હોય, આલિશાન મોબાઈલ, બાઈક હોય અમુક કિસ્સામાં એસી હોય છતાં તેમની પાસે હોય બીપીએલ કાર્ડ**

**કોઈ પાસે ૩૦-૪૦ વિધાજમીન સહિતની મિલ્કત હોય તો પણ તેનું નામ બીપીએલની યાદીમાં**

**જિલ્લાનાં જે ખરેખર ગરીબ પરિવારો છે તેને બીપીએલ કાર્ડ મળતું પણ નથી**

**જિલ્લાનાં તમામ પદાધિકારીઓ અને અધિકારીઓએ બીપીએલનું રીસર્વે કરવાની જરૂર**

અમરેલી, તા.૨૬

અમરેલી જિલ્લામાં વહીવટીતંત્રની અણ આવડત અને રાજકીય આગેવાોની મીઠી નજર તળે જિલ્લાનાં અનેક ગરીબ પરિવારો સરકારી ચોપડે અમીર અને અને અનેક અમીર પરિવારો સરકારી ચોપડે ગરીબ જોવા મળી રહયા છે.

કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ગરીબ પરિવારોની એક નિયત ગાઈડ લાઈન મુજબ યાદી તૈયાર કરવામાં આવે છે. જે પરિવારને બીપીએલ કાર્ડ આપવામાં આવે છે. અને તે કાર્ડના આધારે સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓને તે પરિવારને લાભ આપીને તેમને ગરીબી રેખાની નીચેથી ઉપર લઈ જવાનો ઉમદા હેતું સમાયેલ છે.

પરંતુ, અમરેલી જિલ્લાની બીપીએલ પરિવારોની યાદીની તટસ્થ તપાસ થાય છે. સેંકડોથી લઈને હજારો પરિવારોનો સમાવેશ ખોટી રીતે બીપીએલ યાદીમાં થયો છે. જે પરિવારને પોતાનું પાકુ મકાન હોય, આલિશાન બાઈક, મોબાઈલ હોય, ઘરમાં તમામ સુખ સુવિધાનાં સાધનો હોય તેવા અમીર પરિવારો લાગવગનાં જોરે બીપીએલ કાર્ડ મેળવી લે છે. અને માહિતી માંગવાથી લઈને જો કોઈ લાભ મળતા હોય તે ખુલ્લે આમ લઈ રહયા છે.

બીજી તરફ જો ખેરખર ગરીબ પરિવારો છે. તેવા અનેક પરિવારોને બીપીએલ કાર્ડ મળતું નથી. અને તેને કલ્યાણકારી યોજનાઓનો લાભ ન મળતા તે પરિવાર ગરીબી રેખા નીચેથી બહાર આવતા નથી. અને સરકારનો ઉમદા હેતુસર થતો નથી.

આથી જિલ્લાના તમામ સરપંચથી લઈને સાસંદ સહિતનાં પદાધિકારીઓ અને તલાટી મંત્રીથી લઈને જિલ્લા કલેકટર સુધીના અધિકારીઓ જિલ્લાનાં તમામ બીપીએલ પરિવારોની યાદીનું રીસર્વે કરીને જે કોઈ પરિવાર ખોટી રીતે બીપીએલ યાદીમાં આવ્યા છે. તેને દુર કરીને કલ્યાણકારી યોજનાં મેળવેલ હોય તો તેની તપાસ કરવી જોઈએ અને જે ખરેખર ગરીબ પરિવાર છે. અને તેનો બીપીએલ યાદીમાં સમાવેશ થયો નથી તેને યોગ્ય મદદ કરવી જોઈએ તેવું સૌ કહી રહયા છે.

---

### જિલ્લા આરોગ્ય અધિકારીનાં માર્ગદર્શન તળે

## અમરેલી જિલ્લામાં ''વિશ્વ વસ્તી દિવસ''ની જુદા-જુદા ૪ તબક્કામાં ઉજવણી શરૂ

**વિકસીત ભારતની નવી પહેચાન, કુંટુંબ નિયોજન દરેક દંપતિની શાન**

અમરેલી, તા.૨૬

રાજય અને કેન્દ્ર સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વિશ્વ વસ્તી વધવાની સમસ્યા અને જાગૃતિ લાવવા તથા લોકોમાં નાનુ કુટુંબ સુખી કુટુંબની તથા માતાઓ અને બાળકોના સ્વાસ્થય અને સુખાકારીમાં યોગદાન પ્રદાન કરવા માટે અમરેલી જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અવિનીય ડો.આર.એમ.જોષીનાં માર્ગદર્શન નીચે વિશ્વ વસ્તીદિન-૨૦૨૪ની ઉજવણીનુ આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪ માટેનું વિશ્વ વસ્તીદિન- ૨૦૨૪નું સુત્ર, '' વિકસીત ભારતની નવી પહેચાન, કુંટુંબ નિયોજન દરેક દંપતીની શાન'' નો પ્રચાર-પ્રસાર કરવા માટે ચાર તબકામાં કામગીરીનુ આયોજન કરવામાં આવેલ છે.

**પ્રથમ તબક્કો:-** (તા.૧/૬/૨૪થી તા.૨૦/૬/૨૪ ઝુંબેશ માટે પ્રચાર-પ્રસાર તથા આઈ.ઈ.સી. સાથેની તૈયાર કરવી, વિતરણ કરવુ.

**બીજો તબક્કો:-** (તા. ૨૭/૬/૨૪ થી તા.૧૦/૭/૨૪) કુટુંબ નિયોજનના મહત્વ વિષે જનજાગૃતિ લાવવા માટે આવશે. આરોગ્ય-શિક્ષણની વિવિધ પ્રવૃતિ, જુથચર્ચા, મીટીંગ અને સોશ્યલ વગેરેનો ઉપયોગ કરવો.

---

### સાજણટીંબા મધ્યાહન ભોજન કેન્દ્રમાં સંચાલક કમ-કુક સહિતની જગ્યાઓ માટે અરજી કરવી

અમરેલી, તા.૨૬

અમરેલી તા.૨૬ જૂન, ૨૦૨૪ (બુધવાર) અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાનાં સાજણટીંબા મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલક કમ-કુક (વ્યવસ્થાપક), કુક-કમ- હેલ્પર (રસોઈયા), હેલ્પર (મદદનીશ) ની આવશ્યકતા છે. આ જગ્યા માટેનાં અરજીપત્રકો તા.૦૬ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં લીલીયા તાલુકા મામલતદાર કચેરીની મધ્યાહન ભોજન યોજના (મ.ભ.યો) શાખામાંથી કચેરી કામગીરી સમય દરમિયાન મેળવી લેવા અને આ અરજી તા.૦૬ જુલાઈ, ૨૦૨૪ સુધીમાં બપોરે ૨.૦૦ કલાક સુધી રજિસ્ટ્રી ટેબલ પર પહોંચાડવા.

ઓછામાં ઓછી ધો.૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય અને જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખે ઓછામાં ઓછી ૨૦ થી ૬૦ વર્ષની વચ્ચેની ઉંમર ધરાવનારા ઉમેદવારોએ આધાર પુરાવા સાથે જરૂરી વિગતો ભરીને અરજી પત્રક લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. આ કેન્દ્રમાં સંચાલકની આવશ્યકતા માટેની અરજી ઉમેદવારોની લાયકાત, ઉંમર સરકારના ઠરાવેલા ધોરણો અનુસાર હશે તેમને રૂબરૂ જવાનું રહેશે.

આ જગ્યાઓ માટે સરકાર દ્વારા નિયત માનદ વેતન આપવામાં આવશે. અરજી કરવાનું નિયત નમૂના પત્રક લીલીયા તાલુકા મામલતદાર કચેરી ખાતેથી જાહેર રજાનાં દિવસો સિવાય કચેરી સમય દરમિયાન મળશે. આ નિમણુક અનાજ દળવાની ઘંટી ચલાવતા વ્યક્તિને, વકીલાતનાં વ્યવસાય સાથે જોડાયેલા વ્યક્તિને, શાકભાજી, મરી મસાલા, જલાઉ લાકડાનો વ્યાપાર કરતા અન્ય ધંધાથી વેપાર કરતી કે સસ્તા અનાજની દુકાન ચલાવતી અરજદારો દ્વારા અરજી આપી શકાશે નહીં, તેમ લીલીયા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### હવે તેમને મળશે ૪૦ હજાર રૂપિયાનું પેન્શન

## સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમના આશ્રિતોને હરિયાણા સરકારની ભેટ

નવી દિલ્હી, તા.૨૬

મુખ્યમંત્રીએ તેમના સત્તાવાર વિલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે.હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈનીએ મંગળવારે સ્વતંત્રતા સેનાનીઓ અને તેમના આશ્રિતો માટે નવી પેન્શન રકમની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે ૧ જુલાઈથી સ્વાતંર્ત્ય સેનાનીઓને ૪૦,૦૦૦ રૂપિયાનું વધારાનું પેન્શન મળશે. મુખ્યમંત્રીએ તેમના સત્તાવાર વિલ પર એક વીડિયો પોસ્ટ કર્યો છે.સૈનીએ કટોકટી દરમિયાન લડવૈયાઓનું પેન્શન પણ વધાર્યું અને કહ્યું, ''ઈમરજન્સી દરમિયાન લડવૈયાઓ, જેમણે બંધારણનું રક્ષણ કર્યું, જેઓ આ દેશની લોકશાહીની રક્ષા માટે જેલમાં ગયા, અમારી સરકારે તેમને ૧૦,૦૦૦ રૂપિયા પેન્શન આપવાનું શરૂ કર્યું. અને આજે , હું જાહેરાત કરું છું કે હવે ૧ જુલાઈથી પેન્શન રૂ. ૨૦,૦૦૦ થશે.''નોંધનીય છે કે હરિયાણા સરકાર દ્વારા ૧૬ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ હરિયાણા શુભ્ર જ્યોત્સ્ના પેન્શન યોજના શરૂ કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય ૨૫ જૂન, ૧૯૭૫ થી ૨૧ માર્ચ, ૧૯૭૭ સુધીની કટોકટી દરમિયાન સક્રિયપણે ભાગ લેનારાઓને નાણાકીય સહાય પૂરી પાડવાના હેતુ સાથે અને આંતરિક સુરક્ષા અધિનિયમ, ૧૯૭૧ના અધિનિયમ અને/અથવા ડિફેન્સ ઑફ ઈન્ડિયા એક્ટ, ૧૯૬૨ હેઠળ જેલની સજાનો સામનો કરી રહેલા હરિયાણાના રહેવાસીઓને ૧૦,૦૦૦ રૂપિયાનું માસિક પેન્શન પ્રદાન કરવાનું હતું.હરિયાણાના મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું, ''હિન્દી ભાષાને બચાવવા માટે સંઘર્ષ કરનારા લોકોને (હિન્દી આંદોલનકારીઓ) ૧ જુલાઈથી પેન્શન તરીકે ૨૦,૦૦૦ રૂપિયા પણ મળશે.''દરમિયાન, ઈમરજન્સીના ૪૯ વર્ષ પૂર્ણ થવા પર સૈનીએ કહ્યું, ''ઈમરજન્સી દેશ માટે કાળો અધ્યાય હતો.

ભૂતપૂર્વ વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ ૨૫ જૂન, ૧૯૭૫ના રોજ દેશમાં ઈમરજન્સી લાદીને લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તમામ વિપક્ષના મોટા નેતાઓ જેમ કે અટલ બિહારી વાજપેયી, જય પ્રકાશ નારાયણ, મોરાર જી દેસાઈ, લાલ કૃષ્ણ અડવાણી, ચંદ્રશેખર, બિજુ પટનાયક, ચૌધરી ચરણ સિંહ, ડૉ. મંગલ સેન, સરદાર પ્રકાશ સિંહ બાદલને જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા.''

---

### લિકર પોલિસી કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટનો નિર્ણય

## કેજરીવાલ ત્રણ દિવસના CBI રિમાન્ડ પર મોકલાયા

**મેં સિસોદિયા દોષી હોવાનું કોઈ નિવેદન આપ્યું નથી : કેજરીવાલ**

નવી દિલ્હી, તા.૨૬

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સીબીઆઈએ લિકર પોલિસી કેસમાં ધરપકડ કરી લીધી છે. સીબીઆઈએ તેમની પાંચ દિવસની કસ્ટડી માંગી હતી, પરંતુ રાઉઝ એવેન્યૂ કોર્ટે કેજરીવાલને ત્રણ દિવસની સીબીઆઇ કસ્ટડીમાં મોકલી દીધા છે. આમ હવે કેજરીવાલની ત્રણ રાત તિહાર જેલમાં નહીં પણ સીબીઆઈ ઓફિસમાં વીતશે. કેજરીવાલે સુનાવણી દરમિયાન કોર્ટને કહ્યું હતું કે 'મીડિયામાં સીબીઆઇના સૂત્રોના હવાલે કહેવામાં આવી રહ્યું છે કે મેં એક નિવેદનમાં સમગ્ર દોષનો ટોપલો મનીષ સિસોદિયા પર ઢોળી દીધો છે, મેં આવું કોઇ નિવેદન આપ્યું નથી કે સિસોદિયા દોષી છે કે કોઈ બીજું દોષી છે. મેં કહ્યું છે કે સિસોદિયા નિર્દોષ છે, આમ આદમી પાર્ટી નિર્દોષ છે, હું નિર્દોષ છું. સીબીઆઈનું સમગ્ર પ્લાનિંગ મીડિયા સમક્ષ અમને બદનામ કરવાનું છે. પ્લીઝ રેકોર્ડ કરો અને આ બધી વાતો સીબીઆઇ સૂત્રોના માધ્યમથી મીડિયામાં ચલાવવામાં આવે છે.'કેજરીવાલે એવો પણ દાવો કર્યો છે કે 'સીબીઆઇ આ મુદ્દાને સનસનીખેજ બનાવી રહી છે, આ વાતની સ્પષ્ટતા કરવામાં આવે. સીબીઆઈનો ઉદ્દેશ્ય ફક્ત ને ફક્ત આ મામલાને સનસનીખેજ બનાવવાનો છે.'કોર્ટમાં સીબીઆઇના વકીલે કહ્યું હતું કે 'અમે તથ્યોના આધાર પર ચર્ચા કરી હતી અને કોઈપણ એજન્સીના સૂત્રોએ કંઇ પણ કહ્યું ન હતું. કેજરીવાલની કસ્ટડીની માંગ કરતી અરજીમાં સીબીઆઇએ કોર્ટને કહ્યું કે સમગ્ર મામલામાં મોટા કાવતરાને શોધી કાઢવા માટે તેમની સાથે પૂછપરછ કરવી જોઇએ. દિલ્હીના મુખ્યમંત્રીને પુરાવા અને કેસમાં આરોપી અન્ય લોકો સમક્ષ રજૂ કરવાના છે.' સીબીઆઇએ કહ્યું કે 'પૂછપરછ માટે અમારે કેજરીવાલની કસ્ટડીની જરૂર છે. તે એ પણ ઓળખી શકતા નથી કે (સહ-આરોપી) વિજય નાયર તેમને આધીન કામ કરી રહ્યા હતા. તેમનું કહેવું છે કે વિજય નાયર આતિશી માર્લેના અને સૌરભ ભારદ્વાજના આધીન કામ કરતા હતા. તે બધો દોષ મનીષ સિસોદિયા (જે આ કેસમાં પણ આરોપી છે) પર નાખી રહ્યા છે. તેમનો આમનો-સામનો કરાવવો જોઇએ. તેમણે દસ્તાવેજ બતાવવાની જરૂર છે.'

---

### અંબાજીમાં પણ સતત બીજા દિવસે ધોધમાર વરસાદ

## ગુજરાતમાં મેઘાની જોરદાર બેટિંગ : ૬૬ તાલુકામાં વરસ્યો

રાજકોટ, તા.૨૬

ગુજરાતમાં ધીમે-ધીમે ચોમાસું જામી રહ્યું છે. ત્યારે આજે ગુજરાતના અનેક જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા છે. રાજકોટમાં બપોર પછી મેઘરાજાનું ધમાકેદાર આગમન થયું છે. રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તાર રૈયા રોડ, ૧૫૦ ફૂટ રિંગરોડ, ગોંડલ રોડ, યુનિવર્સિટી રોડ અને ઢેબર રોડ સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદથી રસ્તા પર પાણી ફરી વળ્યા છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. રાજ્યના ૬૬ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ ગીરસોમનાથના કોડિનાર અને જૂનાગઢમાં ૩ ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે મોરબીના ટંકારા, ગોંડલમાં પણ મેઘાની ધમાકેદાર બેટિંગ જોવા મળી હતી.જૂનાગઢ શહેરના અલગ અલગ વિસ્તારમાં મેઘરાજા મહેરબાન થયા છે. આજે પડેલા વરસાદમાં મધુરમ, મજેવડી દરવાજા, આઝાદ ચોક, કાળવા ચોક, ગાંધી ચોક અને તળાવ દરવાજા સહિતન વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં પણ વરસાદી માહોલ જામ્યો છે. બનાસકાંઠાના અલગ અલગ વિસ્તાર જેવા કે અમીરગઢ અને ઈકબાલગઢમાં ભારે પવન સાથે મેઘરાજાનું આગમન થયું..મેઘમહેરથી ખેડૂતોમાં ખુશી જોવા મળી.અંબાજીમાં પણ સતત બીજા દિવસે ધોધમાર વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદથી અનેક વિસ્તારોમાં નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા. પાણી ભરાતા વાહનચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો. દિવસભર ગરમી પછી બપોર બાદ વરસાદ વરસતા વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. મહીસાગરના સંતરામપુર પંથકમાં પણ ભારે બફારા વચ્ચે વરસાદ વરસતા ઠંડક પ્રસરી ગઈ છે. સંતરામપુર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદથી ખેડૂતો

---

### શ્રી થોરખાણ ગ્રામ પંચાયત

**:: જાહેર નોટિસ ::**

બાબરા તાલુકાનાં થોરખાણ ગામે ઈન્ડુસ ટાવર્સ લી. કંપની દ્વારા દામજીભાઈ વશરામભાઈ ધડુક/શારદાબેન જયંતીભાઈ ધડુક / જુપિન જયંતીભાઈ ધડુક/ મનિષ જયંતીભાઈ ધડુક વિગેરેની રહેણાંક વિસ્તારમાં ગ્રામ્ય પંચાયતની બાંધકામની મંજુરી વગર બિનપરવાનગીથી મોબાઈલ ટાવર ઉભું કરેલ છે. આ ટાવર રહેણાંક વિસ્તારમાં હોવાથી ગ્રામજનોની રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ટાવર ઉભું ન કરવા માટે અરજી આવેલ છે. જે અંતર્ગત ગ્રામ પંચાયત દ્વારા તા.૧૪/૦૬/૨૦૨૪ અને તા.૨૧/૦૬/૨૦૨૪ ના રોજ નોટિસ આપી ટાવરનું કામ બંધ કરવા તેમજ થયેલું કામ સ્વખર્ચે દુર કરવા જણાવેલ હતું. પરંતુ મનસ્વી વલણ અપનાવી ગેરકાયદેસર મોબાઈલ ટાવર ઉભો કરી વિકાસ કમિશ્નર સાહેબનાં પત્ર ક્રમાંક : વિક/પંચાયત/મું.૧/મોબાઈલ ટાવર/વશી/૬૨૧ થી ૫૨૩/૨૦૧૯ વિકાસ કમિશ્નર કચેરી ગુજરાત રાજય ગાંધીનગરના તા.૨૮/૧૧/૨૦૧૯ના પરિપત્ર તેમજ મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : જમન/૩૯૨૦૨૧/૨૦૧૮/૦૧, તા.૧૩/૦૪/૨૦૨૩નું સરેઆમ ઉલ્લંઘન કરતા ગ્રામ પંચાયત દ્વારા નોટિસ આપી મંજુરી વગર ટાવરનું કામ કરતા હોય અટકાવવા જાણ કરેલ તેમ છતાં ટાવરનું કામ કરેલું હોય જેથી જયાં સુધી ગ્રામ પંચાયતનું 'ના વાંધો પ્રમાણપત્ર' મેળવવા માટેનાં જરૂરી આધાર પુરાવો તેમજ ટાવર્સને લગતા સક્ષમ અધિકારીની મંજુરી મેળવેલ હોય તો તે ગ્રામ પંચાયત કચેરી ખાતે રજુ નહીં કરવામાં આવે તો છેલ્લી નોટિસ મુજબ તા.૨૮/૦૬/૨૦૨૪ ના રોજ ઈન્ડુસ ટાવર્સને સીલ કરવા કાર્યવાહી કરવામાં આવશે જેની તમામ સંબંધ કર્તાઓને જાણ થાય.

લી.

**શ્રી થોરખાણ ગ્રામ પંચાયત કમિટી**

---

# અમરવેલી નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની વ્યવસ્થાપક કમિટીના સભ્યોની મીટીંગ મળી






અમરવેલી નાગરિક શરાફી મંડળી લી. વ્યવસ્થાપક કમિટીના સભ્યોની તા. ૨૨/૦૬/૨૦૨૪ ને શનિવારના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મંડળીના ચેરમેન રેખાબેન માવદીયા તથા વા. ચેરમેન રમેશભાઈ ખોરાસીયા તેમજ મંડળીના એમ.ડી.અંકુરભાઈ માવદીયા તથા વ્ય.કમિટીમાં નવી નિમણૂંક થયેલ સભ્યો રમીલાબેન પટોળીયા અને શ્રીમતી જયશ્રીબેન કાનાણીનું સ્વાગત મંડળીની સેક્રેટરી કાજલબેન ગોંડલીયાએ કરેલ ત્યારબાદ કાજલબેન ગોંડલીયાએ કરેલ ત્યારબાદ જયશ્રીબેન કાનાણી દ્વારા મંડળીના ચેરમેન રેખાબેન માવદીયાનું ફુલહાર અને સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું.

સદર મીટીંગમાં મંડળીના ચેરમેન રેખાબેન માવદીયા એ મંડળીનો ઉતરોતર વિકાસ થાય અને મંડળીમાં વધુમાં વધુ સભાસદો જોડાય અને જોડાયેલ સભાસદોને મહતમ લાભો મંડળી દ્વારા પ્રાપ્ત થાય તે માટેના સઘન પ્રયાસો કરવા માટે તમામ કમિટી સભ્યઓ અને સ્ટાફને સંબોધન કરેલ. ત્યારબાદ મંડળીના એમ.ડી. અંકુરભાઈ માવદીયાએ મંડળીના વિકાસ તેમજ સહકારી પ્રવૃતિ અને તેના લાભાલાોભ અને જવાબદારીઓ અંગે જાણકારી આપેલ.

અંતમાં મંડળીના મેનેજર જે.જે.મહેતાએ મંડળીની વ્યવસ્થાપક કમિટી અને મંડળીની અન્ય વિવિધ કમિટીઓની સમીક્ષા કરી તેમજ મંડળીની ધિરાણ વસુલાત તથા ડીપોઝીટ અંગે જાણકારી આપેલ ત્યારબાદ મંડળીની એજન્ડા મુજબની કાર્યસુચી વંચાણે લઈ તેમજ મંડળીની વહીવટી પારદર્શતા અંગે સ્ટાફને માર્ગદર્શન આપી મીટીંગમાં હાજર રહેલ તમામ સભ્યોની આભારવિધિ કરી મીટીંગ પૂર્ણ કરવામાં આવી.

## જગતાત ગણાતા ખેડૂતોની મહેનત પર થાય છે પાણીઢોળ

# બાબરા પંથકનાં ફૂલઝર સહિતનાં વિસ્તારમાં જંગલી ભૂંડનો ત્રાસ

**લોહી-પાણી એક કરીને વાવેતર કરેલ બિયારણને જંગલી ભૂંડ ચરી જતાં ખેડૂતો પરેશાન**

**ખેડૂતોની મહેનત અને ખિસ્સા ઉપર માર પડી રહ્યો હોય સમસ્યાનું નિરાકરણ જરૂરી**

**વરસાદ પડતાં ખેડૂતો વાવણી કાર્ય કરતાં હોય જંગલી ભૂંડે હાહાકાર મચાવ્યો**

**તાલુકા પંચાયતનાં સદસ્યએ મુખ્યમંત્રીને પત્ર પાઠવીને મદદ કરવા માંગ કરી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૬

બાબરા તાલુકાના ફુલજર ગામસહિતઆસપાસગ્રામ્યવિસ્તારોમાં ખેતરમાં જંગલી ભૂંડનો ત્રાસ વધતા ખેડૂતોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવાનીફરજ પડીરહીછે. ખેડૂતોદ્વારા કાળી મજૂરી કરી મોંઘા બિયારણનું વાવેતર કરવામાં આવે છે પણ ભૂંડ ચરી જતા ખેડૂતને મહેનત અને મજૂરી માથે પડીરહીછે. ત્યારે આવિસ્તારના તાલુકા પંચાયતસભ્ય નાગરાજભાઈ વાળાદ્વારા રાજય ના મુખ્યમંત્રીને પત્ર પાઠવી રજુઆત કરી ખેડૂતોને જંગલી ભૂંડના ત્રાસમાંથી મુકિત આપવા માંગ કરી છે. તાલુકા પંચાયતના સભ્યએ મુખ્યમંત્રીને પાઠવેલ પત્રમાં જણાવ્યું છે કે, બાબરા તાલુકાના ફુલજર ગામ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં સારા વરસાદથી ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કરેલ છે. જગતનો તાત રાત–દિવસ

અનુસંધાન પાના ૬ ઉપર

## એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચનો સપાટો

# બાબરા પોલીસ સ્ટેશનનાં ગુજસીકોટનાં ગુન્હામાં એક વર્ષથી નાસતા–ફરતા આરોપીની અટકાયત

**વધુ તપાસ અમરેલી સીટી પોલીસે શરૂ કરી**

અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગુનાઓ આચારી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાઆરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ. એમ. પટેલની રાહબરી હેઠળ

અનુસંધાન પાના ૬ ઉપર



## કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને પત્ર પાઠવવામાં આવ્યો

# અમરેલી, બાબરા, વડિયા, કુંકાવાવ વિસ્તારમાં જુદી જુદી સિંચાઈ યોજનાઓ કાર્યરત કરવા પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડની માંગ

**કૃષિ પ્રધાન જિલ્લામાં સિંચાઈ યોજનાથી ખેડૂતોને થશે ફાયદો**

અમરેલી, તા. ૨૬

બાબરા–લાઠીનાં પૂર્વ ધારાસભ્ય અને પૂર્વમંત્રી બાવકુભાઈ ઉઘાડે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલને પત્ર પાઠવ્યો છે. પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકાની સાંતલી સિંચાઈ યોજના ૨૦૧૭મા ગુજરાત રાજય સરકાર દ્વારા સ્પેશીયલ કેસ તરીકે રૂ.૭૦૨ કરોડના ખર્ચે મંજુર કરવામાં આવેલ હતી. અમરેલી તથા લીલીયા તાલુકાના ૨૮ ગામોને આ સંતાલી ડેમનો સિંચાઈમાં લાભ મળી શકે તેમ છે. પરંતુ પાછળથી બે વષં પછી આ યોજના બનાવવાનું સરકારે કેન્સલ કરી નાખેલ





છે. તો યોજના કેન્દ્રની સહાયથથી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિત માટે ફરી મંજુર કરવી જરૂરી છે.

વધુમાં જણાવે છે કે, વડિયા–કુંકાવાવ તાલુકાના દેવગામ, રાંદલદડવા તથા બાબરા તાલુકાના ફુલજ પાસે આવતી પાલાવો નદી ઉપર સિંચાઈ ડેમ બનાવવા માટે અગાવ સર્વે કરવામાં આવેલ હતો. આ વિસ્તારના

અનુસંધાન પાના ૬ ઉપર

## ગામજનોની માચ્છીમાર બંદર બનાવવાની માંગનો થયો ઉલાળીયો

# જાફરાબાદનાં શિયાળબેટને માચ્છીમાર બંદર તરીકે વિકસાવાને બદલે ફરવાલાયક સ્થળ બનાવવાનો નિર્ણય થયો

**ગામજનોએ નાયબ કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવી વિરોધ વ્યકત કર્યો**

જાફરાબાદ, તા. ૨૬

જાફરાબાદનાં શિયાળ બેટનાં ગામજનોએ નાયબ કલેકટર મારફત રાજયનાં મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામે પ્રવાસન ધામ યાને ટુરીઝમ પ્રોજેકટ મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં તૈયાર થયેલ છે જે આયોજનનો ગ્રામજનો સંપુર્ણપણે નીચેના કારણોથી વિરોધ કરીએ છીએ તેમજ આ પ્લાન રદ કરવા અમારી માંગણી છે.

શિયાળબેટ ગામ દરિયાઈ ટાપુ છે અને અહિ ૧૦૦ ટકા લોકો માછીમારી કરી જીવન ગુજારે છે તેમજ ખહ માછીમારી માટે બોટો પણ ધરાવે છે જેથી વર્ષોથી માછીમારોએ સરકાર સક્ષમ લેખીત માંગણીઓ કરેલ છે કે...શિયાળબેટને માછીમાર બંદર જાહેર કરી અને માછીમારીનો ધંધાનો વિકાસ થાય તે માટે જેટી જેવી તમામ સુવિધાઓ સુવિધાઓ ઉભી કરી

અનુસંધાન પાના ૬ ઉપર



## નવનિયુક્ત સાંસદ ભરત સુતરીયાનાં જહેમતથી

# લીલીયામોટાને આગામી ૪૫ દિવસમાં જેટીંગ મશીનની સુવિધા મળશે

**ભૂગર્ભ ગટરનો વર્ષો જૂનો પ્રશ્ન દૂર કરવાની સંભાવના**

લીલીયા મોટા, તા. ૨૬

છેલ્લા ઘણા સમયથી લીલીયાની જનતા ગટરના દુર્ગંધ મારતા પાણી અને ઉભરાતી ગટરથી ત્રાહિમામ પોકારી ઉઠેલ અલગ અલગ સંગઠનો દ્વારા અનેક આંદોલન થયા અનેક રજૂઆતો થઈ હોય ત્યારે થોડા મહિનાં

અનુસંધાન પાના ૬ ઉપર














*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)